Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

भो भव्याः केयमविद्या ? कोऽयं मोहः ? केयमात्मवञ्चनता ? केयमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुभ्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तुष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशेषु । दुष्यथ गुणेषु । नश्यथ सन्मार्गात्सत्स्वप्यस्मादृशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्यूयमभ्यस्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंभारभाजनमात्मानमिति । एवं च तिष्ठतां भवतां भो भद्र! निरर्थकोऽयं मनुष्यभवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः । अकिञ्चित्करमिव भगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च भवतामज्ञत्वमालक्षयति । न पुनश्चिरादपि विषयादिषु संतोषः। तन्न युक्तमेवमासितुं भवादृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । विरहयत धनभवनममत्वव्यसनं । परित्यजत निःशेषं सांसारिकमलजांबालं । गृह्णीत भागवतीं भावदीक्षां । विधत्त संज्ञानादिगुणगणसंचयं । पूरयत तेनात्मानं । भवत स्वार्थसाधका यावत्सन्निहिता भवतां वयं

उपमिति भवप्रपञ्चा कथा.

---

પુસ્તક ૩૦ મું. આશ્વિન. સં. ૧૯૭૦. શાકે ૧૮૩૬. અંક. ૭ મો.

---

## मद्यपान निषेधक पद.

રાગ–સોરઠી–વિમળા નવ કરશો ઉચાટ કે–એ રાગ.

મદિરાપાન ન કરીએ ઉત્તમ કુળમાં અવતરી રે,
જો કરીએ તો મરીએ બૂરા હાલે ટળવળી રે. મદિરા૦ ટેક.
મદિરાપાનથી બને બ્હાવરો, ભાન રહે નહિ થાય ગાભરો,
પડે ખાળમાં જાય હાથ પગ ઉતરી રે. મદિરા૦ ૧
નગ્ન ફરે મુંડું મુખ ભાખે, ગમ્યાગમ્ય વિચાર ન રાખે,
મૂર્ખ પિછાણે નહિ આ મા, સ્ત્રી. દીકરી રે. મદિરા૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છાની વાત કરે છતરાઇ, અરસપરસ દારૂડીયા ભાઇ,
લડધડીયાં ખાઈ પડે એક બીજા પરી રે. મદિરા૦ ૩
વળી બુદ્ધિ કીર્ત્તિ ને કાંતિ, જાય થાય બહુ રોગો ઘાતી,
રહે છાકટા પૈસામાં પૂળો ધરી રે. મદિરા૦ ૪
મુખ ગંધાતો પડે ચોકમાં, ભસે કુતરાં હસે લોકમાં,
ખુલ્લાં મુખમાં જાય કુતરાં મુતરી રે. મદિરા૦ ૫
ધાય જીભ કેફીની ટુંકી, વદે તોતળી વાણી ચૂકી,
ભમે ભામટા કુળ મરજાદા વિસરી રે. મદિરા૦ ૬
ખોટા ખતમાં સહી કરી આપે, માલમતા પરઘર જઇ સ્થાપે,
જાય જમીન જર જોરૂ કરજ ગરજ સરી રે. મદિરા૦ ૭
પિશાચ માંકડું નાચે કુદે, હસે રૂવે ક્ષણ જુદે જુદે,
આળોટે ધૂળમાં મુખમાં કાદવ ભરી રે. મદિરા૦ ૮
કરો ખુન નિજ પરનું પાપી, મધુપાની બેભાને વ્યાપી,
**સાંકળચંદ** કહે એ ટેવ કરો પરી રે. મદિરા૦ ૯

# अभिमान–पच्चीशी.

**( કુકર્મ રે, કામી શું ના કરે—એ રાગ. )**

**મુરખ મનરે જાણે મેં કર્યું. એ આંકણી.**
પ્રજાપાળ રાજા મયણાને, કોઢી કર સોંપે અભિમાને,
પુન્યાઇએ કાર્ય સર્યું. મુરખ મનરે૦ ૧
ખુશામત પર રાગ ધરીને, સુરસુંદરી આપી નરવરને,
દાસીપણું આદર્યું. મુરખ મનરે૦ ૨
પ્રબળ પ્રતાપી રાવણ ભારે, હરણ કરે સીતાનું જ્યારે,
રણમાં શિર પડ્યું. મુરખ મનરે૦ ૩
બાહુબલી તપતા તપ વનમાં, વેલડિયો વિંટાણી તનમાં,
કેવળ દૂર ફર્યું. મુરખ મનરે૦ ૪
બ્રાહ્મી સુંદરી બ્હેન તેવારે, મદગજથી હેઠા ઉતારે,
સરવે કાર્ય સર્યું. મુરખ મનરે૦ ૫
સ્થુલિભદ્રની કીર્ત્તિ ન સાંખી, ગુરૂવચને પ્રતિતી નહિ રાખી,
[illegible] જ્ઞાન હર્યું. મુરખ મનરે૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રત્ન કંબલ અતિ કષ્ટે લાવે, પગ લુંછીને ખાળ ભળાવે
સાધુ કે' આ શું કર્યું ? સુરખ મનરે૦ ૭
પ્રતિબોધે વેશ્યા તે ટાણે, આવ્યું મન તેથી ઠેકાણે,
ગુરૂ વચન સાંભર્યું. સુરખ મનરે૦ ૮
ઇંદ્રિભૂતિ[1] સિદ્ધસેન[2] જેવાને, જીતે વીર[3] વૃદ્ધવાદી[4] માને,
અભિમાન ઉતર્યું. સુરખ મનરે૦ ૯
પ્રસન્નચંદ્ર રાજર્ષિ જ્યારે, તપ અઘોર તપતા તે વારે,
વીરજીએ શું ઉચર્યું ? સુરખ મનરે૦ ૧૦
ચારિત્ર સદ્ ચિદ્ અમૃત ઢોળે, મન ચડતા અભિમાન વિંટોળે,
જિનોએ વશ કર્યું. સુરખ મનરે૦ ૧૧
મન હસ્તિ અંકુશ અભાવે, કર્મ ઘણા કાળોથી ફાવે,
હુંપદમાં સર્વ હર્યું. સુરખ મનરે૦ ૧૨
સમય સમય ફરતી સ્થિતિ મનની, પ્રાપ્તિ તેહ પ્રકારે ફળની,
સુધારે સાધ્ય ઠર્યું. સુરખ મનરે ૧૩
જાતિ, કુળ, ઐશ્વર્ય, રૂપ, રિદ્ધ, તપો, લાભ, વિદ્યા, આઠે મદ,
કરતાં કેમ નડ્યું ? સુરખ મનરે૦ ૧૪
દૃષ્ટાંત તેહના મદ સઝાયે, અભિમાન સાંભળતાં જાયે,
વિસ્તારે વર્ણવ્યું. સુરખ મનરે૦ ૧૫
સંસારે તન ધન જોબનમાં, અમલ આદિ મળતી પદવીમાં,
આત્મિક ધન હર્યું. સુરખ મનરે૦ ૧૬
સાચું કહે કોઈ લાગે ખારૂં, ખુશામતપર વારૂ વારૂ,
રાગ દ્વેષ ભર્યું. સુરખ મનરે૦ ૧૭
રાગ દ્વેષ ધરી સુખ દુઃખ દેવા, ધારે કદિ અભિમાની એવા,
ધાર્યું રે' મનમાં ધર્યું. સુરખ મનરે૦ ૧૮
અભિમાને ફરતા જન એવા, કામ કરે દુનિયામાં કેવા,
દિલ તો જરી ન ડર્યું. સુરખ મનરે૦ ૧૯
મોત ફરે માથે નહિ જાણે, જાણે નહીં જાવું કયે ટાણે,
કરવાનું તે ન કર્યું. સુરખ મનરે૦ ૨૦
સંપત્તિ હોય અનર્ગલ ઘરમાં, રાંક થઇ ફરતા ઘડીભરમાં,
મન મર્કટ નહિ ડર્યું. સુરખ મનરે૦ ૨૧

૧–૩ ઇંદ્રભુતિને મહાવિર સ્વામીએ }
૨–૪ સિદ્ધસેન દિવાકરને વૃદ્ધવાદીએ } જીત્યા અને ખરૂં તત્ત્વ બતાવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તમાન કાળે પણ એવા, બહુ દૃષ્ટાંત મળે છે તેવા,
અજ્ઞાને શું કર્યું. સુરખ મનરે૦ ૨૨
સુખ દુઃખ વૈભવ સંપત્તિ સર્વે, મળતા નહિ મુંઝાવું ગર્વે,
સમતામાં સુખ ભર્યું. સુરખ મનરે૦ ૨૩
લઘુતાએ પ્રભુતા નકી પામે, કીર્ત્તિ કાર્ય કળાએ જામે,
સંતોષે રે મન ઠર્યું. સુરખ મનરે૦ ૨૪
ધાર્યું ધરાપર કોનું ન થાયે, અભિમાની અમથા ફુલાયે,
દુર્લભ દેવ ઠર્યું. સુરખ મનરે૦ ૨૫

દુર્લભજી વિ. ગુલાબચંદ. મહેતા.
વળા.

# ज्ञानसार सूत्र विवरणम्.

## शास्त्राष्टकम् ॥ २४ ॥

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી )

લોકસંજ્ઞા રહિત હોઈ, પ્રબળ વૈરાગ્યયોગે પુરૂષાર્થવંત આત્માર્થી સાધુજનો જે શાસ્ત્ર-વચનોને અનુસારે સંયમ-આરાધન કરી પરિણામે અક્ષય સુખ પામે છે તે શાસ્ત્રને ગ્રંથકાર વખાણે છે.

चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः ॥
सर्वतश्चक्षुषः सिद्धाः, साधवः शास्त्रचक्षुषः ॥ १ ॥

**ભાવાર્થ**—સર્વ મનુષ્યો તિર્યંચો ચર્મચક્ષુને ધારણ કરનારા છે, એટલે કે તેમને ચામડાની ચક્ષુ છે. દેવતા માત્રને અવધિજ્ઞાનરૂપી ચક્ષુ છે અને સર્વ સિદ્ધ ભગવાનોને સઘળે આત્મ પ્રદેશે ચક્ષુ છે, કેમકે તેઓ અનંત જ્ઞાન અને અનંત દર્શન ગુણથી યુક્ત છે. ત્યારે સાધુ મુનિરાજોને શાસ્ત્રરૂપી (દિવ્ય) ચક્ષુ હોય છે.[1]

એ શાસ્ત્રચક્ષુ જ્ઞાની સાધુને કેવા ઉપયોગી છે તે બતાવે છે.

पुरस्थितानिवोर्ध्वाध–स्तिर्यग्लोकविवर्तिनः ॥
सर्वान् भावानपेक्षन्ते, ज्ञानिनः शास्त्रचक्षुषा ॥ २ ॥

**ભાવાર્થ**—જ્ઞાની પુરૂષો, શાસ્ત્રચક્ષુવડે ઉર્ધ્વ, અધો અને તીછોં એ ત્રણે લોકમાં વર્તતા સર્વ ભાવોને પ્રત્યક્ષવત્ દેખે છે. જેમ નિર્મલ આરીસામાં સામી

1 [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુઓનાં પ્રતિબિંબ ચોખ્ખી રીતે પડી રહે છે તેમ નિર્મલ જ્ઞાનચક્ષુથી પણ ત્રિભુવનવર્તી સર્વ પદાર્થોનું યથાર્થ ભાન થઈ શકે છે. માટેજ મુમુક્ષુજનો જ્ઞાની પુરૂષોના બહુમાનપૂર્વક અહોનિશ જ્ઞાનનું આરાધન કરવા ઉજમાલ રહે છે. ૨.

હવે પ્રસંગોપાત ગ્રંથકર્ત્તા શાસ્ત્રનું લક્ષણ કહે છે.

**शासनात् त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते ॥**
**वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित् ॥ ३ ॥**

**ભાવાર્થ**—મોક્ષ માર્ગનું શાસન–યથાર્થ કથન કરવાથી અને ભવ્ય પ્રાણીઓનું દરેક રીતે ત્રાણ–રક્ષણ કરવા સમર્થ હોવાથીજ જ્ઞાની પુરૂષો શાસ્ત્ર–વચનને સાર્થક લેખે છે. એવું સમર્થ શાસ્ત્ર તો વીતરાગનાં જ વચનરૂપ હોય છે. તે વિના અન્ય રાગી દ્વેષી કે મોહાધીનનાં વચન સત્‌શાસ્ત્રરૂપ હોઇ શકતાં નથી. વીતરાગ પ્રભુનાં સઘળા વચન સર્વ દોષરહિત અને સર્વ ગુણસંપન્ન હોવાથીજ શાસ્ત્રરૂપે માન્ય કરવા યોગ્ય થાય છે. પરંતુ તેવા ગુણ વગર અન્ય વાગાડંબરીઓનાં વચન સત્‌શાસ્ત્રરૂપ નહિ હોવાથી મુમુક્ષુ વર્ગને માન્ય કરવાં યોગ્ય થતાં નથી. ૩.

સત્‌શાસ્ત્ર માનવાથી માનનારને શો ફાયદો થાય છે ? તે શાસ્ત્રકાર પોતે જ બતાવે છે.

**शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ॥**
**पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ॥ ४ ॥**

**ભાવાર્થ**—સત્‌શાસ્ત્રને આગળ કર્યાથી વીતરાગનેજ આગળ કર્યા સમજવા. અને વીતરાગને આગળ કર્યે છતે નિશ્ચે સર્વ સિદ્ધિઓ સંપજે છે. ૪. વીતરાગ પ્રભુની પવિત્ર આજ્ઞાઓને માન્ય કરનારના સર્વે મનોરથ સિદ્ધ થાયછે, ત્યારે એકાંત હિતકારી પ્રભુની પવિત્ર વાણીનો અનાદર કરનાર અજ્ઞાની જનોના કેવા હાલ થાય છે તે શાસ્ત્રકાર બતાવે છેઃ—

**अदृष्टार्थेऽनुधावंतः, शास्त्रदीपं विना जडाः ॥**
**प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ॥ ५ ॥**

**ભાવાર્થ**—શાસ્ત્રરૂપી દિવ્ય દીપકની સહાય વિના અજાણ્યા વિષયમાં એકદમ દોડતા દુર્બુદ્ધિ જનો માર્ગમાં પગલે પગલે સ્ખલના પામતા પરમ ખેદને અનુભવે છે. સત્‌શાસ્ત્રરૂપી દિવ્ય ચક્ષુ વિના જીવને સત્ય માર્ગ સૂજતોજ નથી, તેથી સત્ય માર્ગથી ચૂકી–સ્ખલિત થઇને જીવ આડોઅવળો અથડાઇ બહુ હેરાન થાય છે. શાસ્ત્રવિરૂદ્ધ સ્વકપોલ કલ્પિત માર્ગે ચાલતાંજ જીવને એવા ઓખમમાં ઉતરવું પડે છે. જો વીતરાગ વચનનું શરણ લહી તે મુજબ વર્તન [illegible] નો થોડો પણ ભીતિ રાખવાનું કારણ રહે નહિ. ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शुद्धोंच्छाद्यपि शास्त्राज्ञा–निरपेक्षस्य नो हितं ॥
भौतहंतुर्यथा तस्य, पदस्पर्शनिवारणं ॥ ६ ॥

ભાવાર્થ શાસ્ત્રઆજ્ઞાના નિરપેક્ષપણે–સ્વચ્છંદચારી જીવ ગમે તેવી ઉગ્ર-ક્રિયા ( આકરી કરણી ) કરે તોપણ તેથી તેનું કશું હિત થઈ શકશે નહિ, પણ જો વીતરાગ પ્રભુની પવિત્ર આજ્ઞા મુજબ-શાસ્ત્ર પરતંત્રપણે અલ્પ પણ અનુ-ષ્ઠાન સેવશે તો તેને જરૂર હિતકારી થઇ શકશે. કેટલાક મુગ્ધ સાધુઓ અણસ-મજથી શાસ્ત્રઆજ્ઞાને લોપીને સદ્ગુરૂથી જૂદા પડી પ્રથમ તો ઉગ્ર ક્રિયા કરવાનો વિચાર રાખે છે પણ પાછલથી અલ્પ જ્ઞાનના યોગે સંયમમાર્ગમાં સ્ખલના પામ્યે છતે સમયોચિત સારણાદિકના અભાવે તે શિથિલ થઈ જાય છે. સારી બુદ્ધિથી પણ સ્વચ્છંદપણે સદ્ગુરૂને તજવામાં અહિતજ રહેલું છે. તેથી અલ્પ-દોષ તજવા જતાં ભારે દોષ સેવવા પડે છે. જેમ મનોહર મોરપીંછી લેવા માટે ભીલ ગુરૂની આજ્ઞા નહિ છતાં તેના ભક્ત ભીલ્લ રાજાએ ગુરૂનાં ચરણસ્પર્શનો દોષ નિવારવા ખાતર નિજ બાણવડે તે પીંછી લેતાં તે ગુરૂનોજ ઘાત કર્યો તેમ ઓછી સમજવાળા સાધુઓ આપમતિથી અલ્પ દોષ તજવા જતાં અધીક દોષને જ સેવે છે. એમ જણાવીને ગ્રંથકાર સત્શાસ્ત્રનીજ ઉપયોગિતા સિદ્ધ કરેછે. ૬.

अज्ञानाहिमहामंत्रं, स्वाच्छंद्यज्वरलंघनं ॥
धर्मारामसुधाकुल्यां, शास्त्रमाहुर्महर्षयः ॥ ७ ॥

ભાવાર્થ— જ્ઞાની મહામુનિઓ શાસ્ત્રને, અજ્ઞાનરૂપી સર્પને દમવા જાંગુલી મંત્ર સમાન, સ્વચ્છંદતારૂપી જ્વરને શાન્ત કરવા લંઘન ( લાંઘણ ) સમાન, અને સદ્ધર્મરૂપી આરામને સિંચવા અમૃતની નીક સમાન લેખે છે. અર્થાત્ સમયજ્ઞ સત્પુરૂષો એવા સત્શાસ્ત્રના અતિ ઉત્તમ લાભને ક્ષણવાર પણ ચૂકતા નથી. પણ તેના પુષ્ટાલંબનથીજ પરમ પદને પ્રાપ્ત કરી લે છે એમ ગ્રંથકાર સ્પષ્ટ જણાવે છે. ૭.

शास्त्रोक्ताचारकर्ता च, शास्त्रज्ञः शास्त्रदेशकः ॥
शास्त्रैकदृग् महायोगी, प्राप्नोति परमं पदम् ॥ ८ ॥

ભાવર્થ—શાસ્ત્રોક્ત આચારને સેવવાવાળા શાસ્ત્ર-રહસ્યને સમ્યગ્ (યથાર્થ) જાણવાવાળા, શાસ્ત્રના માર્ગનેજ બતાવવાવાળા અને શાસ્ત્ર સન્મુખજ દૃષ્ટિ રાખ-વાવાળા મહાયોગી–મુનિઓ નિશ્ચે પરમપદને પામે છે, માટે મોક્ષાર્થી જનોએ નિજ કલ્યાણાર્થે એવા સત્શાસ્ત્ર સેવી સત્પુરૂષોજ સદા સેવવા ( આરાધવા-અવલંબવા ) યોગ્ય છે. ૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—આ અષ્ટક બહુ ગંભીર ભાવથી ભરેલું છે અને જ્ઞાનમાર્ગની પુષ્ટિ કરનારૂં છે. એનો અર્થ લેખક મુનિરાજે બહું સ્ફુટ રીતે લખેલો છે, જેથી વિશેષ વિવેચનની અપેક્ષા રહેતી નથી, છતાં યથામતિ યતકિંચિત લખવા પ્રયાસ કર્યો છે.

આ અષ્ટકના પ્રારંભમાં ન્યાયાચાર્ય મહારાજ ચક્ષુ ચાર પ્રકારના બતાવે છે. ચર્મચક્ષુ, અવધિચક્ષુ, કેવળચક્ષુ અને શાસ્ત્રચક્ષુ. કેવળચક્ષુને સર્વચક્ષુ પણ કહેવામાં આવે છે. પ્રથમના ત્રણ ચક્ષુઓ તો દર્શનાવરણીકર્મના ક્ષયોપશમ ને ક્ષાયિક ભાવથી પ્રાપ્ત થાય છે. પરંતુ ચતુર્થ ચક્ષુની પ્રાપ્તિ તો શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થઇ શકે છે. એનો ક્ષયોપશમ થવામાં પરમ અને અમોઘ હેતુ જ્ઞાની મુનિમહારાજની અવિચ્છિન્ન અને અપ્રતિમ ભક્તિ કરવી તેજ છે. તેનાવડેજ શાસ્ત્રચક્ષુ પ્રાપ્ત થઈ શકે તેમ છે. મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જેની બુદ્ધિ તીક્ષ્ણ અને વિશાળ હોય, તે સાથે ગુરૂમહારાજનો પરમ વિનયી હોય તો તે શાસ્ત્રચક્ષુ સહેલાઇથી પ્રાપ્ત કરી શકે છે. આપણે માટે અવધિચક્ષુ અને કેવળચક્ષુની પ્રાપ્તિ આ ભવ સંબંધે તો અપ્રાપ્ય છે અને પ્રથમના ચર્મચક્ષુ વસ્તુધર્મનું વાસ્તવિક સ્વરૂપ બતાવવા અસમર્થ છે તેથી ખરૂં વસ્તુસ્વરૂપ અથવા ખરૂં ધર્મસ્વરૂપ સમજવા ઇચ્છનારને શાસ્ત્રચક્ષુ મેળવવાનીજ આવશ્યક્તા છે. એ ચક્ષુ પણ ખરી રીતે તો ગૃહસ્થાવાસ છોડી મુનિપણું અંગીકાર કરનારજ મેળવી શકે છે. કારણકે વિષયકષાયમાં નિમગ્ન ગૃહસ્થ તેનો પૂર્ણાધિકારી જ થઈ શકતો નથી. જેને તેના પૂર્ણ અધિકારી બનવા આકાંક્ષા હોય, તેણે સંસારનો મોહ ત્યજી દઇ મોક્ષ પ્રાપ્ત કરવાના પરમ સાધનભૂત ચારિત્રધર્મનો સ્વીકાર કરવો જોઇએ. સંસાર એવડો ને એવડો રાખવો, પુત્ર કલત્ર ધનધાન્યાદિ પરિગ્રહમાં નિમગ્ન રહેવું અને શાસ્ત્રચક્ષુ મેળવવા માટે અપૂર્વ શાસ્ત્રોનું અધ્યયન કરવું, ગુરૂગમથી તેની કુંચીઓ પ્રાપ્ત કરવી તે કોઇપણ રીતે પૂર્ણપણે બની શકે તેવું નથી. તેવા સંસારી પ્રાણીની તેને માટે સંપૂર્ણ યોગ્યતાજ નથી. અને તેથીજ જૈન સિદ્ધાંતકારે ગૃહસ્થને સૂત્રાદિક ભણાવનારને તેમજ તેમાં સહાય કરનારને ઉત્કટ દોષનાં ભાગી સિદ્ધાંતોમાં કહેલા છે. પોતાની તથાપ્રકારની યોગ્યતા સિવાય તેવો અભિલાષ કરવો કે પ્રયત્ન કરવો તે વ્યાધિગ્રસ્ત સ્થિતિમાં રસાયણ ખાવા જેવું છે. કાચા ઘડામાં ભરેલું જળ જેમ ઘડાનો ને પાણીનો બંનેનો વિનાશ કરે છે તેમ કાચા ઘડાતુલ્ય ગૃહસ્થો અપૂર્વ જ્ઞાનને જીરવી ન શકવાથી તેનો અને પોતાનો બંનેનો વિનાશ કરે છે. આ સંબંધમાં વિશેષ લખવું અપ્રસ્તુત જાણી મૂળ વિષય પર આવીએ. ૧

આ શાસ્ત્રચક્ષુવડે થયેલા શ્રુતકેવળી મહારાજા ત્રણે ભુવનમાં રહેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમામ પદાર્થો અને તેમાં રહેલા અનંતા ભાવોને કેવળી સદૃશ જાણે છે અને તે પ્રમાણે પ્રરૂપી શકે છે. શ્રીસિમંધર સ્વામીએ શક્ર ઇંદ્ર સન્મુખ જેવું નિગોદનું સ્વરૂપ કહ્યું તેવુંજ સ્વરૂપ શ્રી આર્યરક્ષિતસૂરિ મહારાજે ઇંદ્રને કહી સંભળાવ્યું જેથી ભગવંતે જે તેનો હવાલો આપેલો તેની ઇંદ્રને ખાત્રી થઇ. આવા અગાધ શક્તિવાળા શાસ્ત્રચક્ષુ મેળવવા માટે કેવા અપ્રમત્ત ભાવની આવશ્યક્તા હોવી જોઇએ? તેનો વાંચકે વિચાર કરવો. ૨

**શાસ્ત્ર** શબ્દમાં રહેલા બે અક્ષરનો નિરૂક્તિથી એવો અર્થ કરવામાં આવ્યો છે કે **શા**સન કરવાથી અને **ત્રા**ણ કરવાથી **શાસ્ત્ર** કહેવાય છે. અર્થાત્ મોક્ષમાર્ગ યથાર્થ બતાવવાથી અને ભવ્યજનોનું આ સંસારના દુઃખોથી રક્ષણ કરવાથી શાસ્ત્ર શબ્દ અન્વર્થતાને પામે છે. એવું શાસ્ત્ર તે સર્વજ્ઞ કથિત-વીતરાગ ભાષિતજ હોઇ શકે. અન્ય શાસ્ત્રોમાં એ બંને ભાવ ઘટી શકતા નથી. કારણકે રાગી દ્વેષી અને મોહી દેવોના તેમજ તેવા ગુરૂઓના બનાવેલા ને બતાવેલા શાસ્ત્રો ખરો મોક્ષમાર્ગ બતાવી શકતા નથી; કેમકે તેઓ પોતેજ સાંસારિક સુખના-પૌદ્ગળિક સુખના અભિલાષી હોય છે, અપૌદ્ગળિક સુખની અભિલાષા પણ તેમને હોતી નથી. અને સંસારને સર્વથા દુઃખમય તેમણે જાણ્યોજ નથી, તેથીજ ભવ્યજીવોનું તેમના ધર્મશાસ્ત્રો સંસારનાં દુઃખોથી રક્ષણ પણ કરી શકતા નથી. ૩

શાસ્ત્ર શબ્દના વાસ્તવિક અર્થને સમજીને તેવા શાસ્ત્રોનો જે આદર કરે છે તેણે તેના ઉપદેષ્ટા વીતરાગનો આદર તો કર્યોજ છે, કારણ કે જેના વચનનો આદર કરવામાં આવે-તેને શિરસાવંદ્ય ગણવામાં આવે-તેના વક્તા તો સર્વથા માનનીય-પૂજનીય-વંદનીય હોયજ, તેમાં આશ્ચર્ય શું? અને જ્યારે વીતરાગ પરમાત્માનો આદર કર્યો ત્યારે તે પ્રાણીઓને સર્વ સિદ્ધિઓ નિશ્ચયે સહેજે પ્રાપ્ત થાયજ એ નિઃસંદેહ સમજી લેવું. ૪

જેમ અંધારી રાત્રીએ દીપક વિના અણજાણ્યા માર્ગે ચાલનાર માણસ સ્થાને સ્થાને સ્ખલના પામે છે, તેમ આવા અત્યુત્તમ શાસ્ત્રચક્ષુ મેળવ્યા સિવાય સ્વમતિ કલ્પનાથી જેઓ ઉટપટાંગ ચલાવે છે, મનમાં આવે તેવો માર્ગ બતાવે છે અને પોતે યથેચ્છ માર્ગે ચાલે છે, તેઓ દુર્ગતિમાં ગમન કરવારૂપ સ્ખલના પગલે પગલે પામે છે; તેથી પ્રથમ શુદ્ધ ચક્ષુ મેળવવા પ્રયત્ન કરવો અને નિર્મળ ચક્ષુ પ્રાપ્ત થયા પછી તેનાવડે દેખવામાં આવતા માર્ગો પૈકી નિષ્કંટક માર્ગે ગમન કરવું કે જેથી નિર્વિઘ્ને મોક્ષપુરીએ પહોંચી શકાય. અદૃષ્ટ અર્થાત્ ચર્મચક્ષુએ ન દેખાય તેવા-સાતિશાયી જ્ઞાનવડેજ દેખી-જાણી શકાય તેવા પદાર્થોમાં-તેવી હકીકતમાં શાસ્ત્રને બાજુ પર મૂકીને તેનો અભ્યાસ કર્યા સિવાય પોતાની બુદ્ધિ પર મુસ્તાક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહી તેના સ્વરૂપનું જે નિરૂપણ કરવું તેમાં સ્ખલના થાય તેમાં શું આશ્ચર્ય ? જ્ઞાનચક્ષુવડેજ જોઈ જાણી શકાય તેવા પદાર્થને માટે શાસ્ત્રચક્ષુ જો પ્રાપ્ત કર્યાં હોય તોજ તે કામ કરી શકે છે, તે સિવાય અલ્પજ્ઞ છતાં સર્વજ્ઞ કે અતિજ્ઞપણું માની તેવા વિષયમાં માથું મારવું તે પોતાની અલ્પજ્ઞતા જગજાહેર કરવા માટે જ થાય છે. ૫

આવા શાસ્ત્રચક્ષુ વિનાના મનુષ્યો-શાસ્ત્રજ્ઞાનની અપેક્ષા રાખ્યા સિવાય કદિ શુદ્ધ આહારાદિ ગ્રહણ કરતા હોય તોપણ તેથી તેનું હિત થતું નથી. કારણ કે, શાસ્ત્રાજ્ઞાનું નિરપેક્ષપણું ધરાવવું ને શુદ્ધ અન્નાદિ લેવા તેમાં પોતાના ગુરૂને પાદ-સ્પર્શ કરવામાં પાપ માનવું ને તેને બાણ મારીને મોરપીંછ ગ્રહણ કરવામાં પાપ ન માનવું-તેમાં જેવા પ્રકારનો અજ્ઞાનતાનો વિલાસ છે તેવોજ વિલાસ રહેલો છે એમ સમજવું. ૬.

મહર્ષિઓ-ગણધર મહારાજાઓ શાસ્ત્રને અજ્ઞાનરૂપ સર્પના વિષનું નિવારણ કરવામાં મહામંત્ર તુલ્ય, સ્વચ્છંદતારૂપ જ્વરના નિવારણ માટે લંઘન તુલ્ય અને ધર્મરૂપ આરામના પોષણ માટે અમૃતની નીક તુલ્ય કહે છે. આવા અત્યુત્તમ શાસ્ત્રરૂપ ચક્ષુને પ્રાપ્ત કરવા માટે કોણ પ્રયત્ન ન કરે ? ૭.

પ્રાંતે જ્ઞાનસારના કર્ત્તા મહા પુરૂષ જ્ઞાનનું સાર પ્રકટ કરે છે કે-'શાસ્ત્રોક્ત આચારના કર્ત્તા, શાસ્ત્રજ્ઞ, શાસ્ત્રોક્ત માર્ગના ઉપદેષ્ટા અને શાસ્ત્રરૂપ જ એક દ્રષ્ટિવાળા મહાયોગીઓ પરમપદ જે મોક્ષ તેને પ્રાપ્ત કરે છે.' આ શ્લોકમાંથી એક ખાસ રહસ્ય તો એ ગ્રહણ કરવાનું છે કે, એમાં શાસ્ત્રના અધિકારી તમામ પ્રકારે મહાયોગીને જ કહેલા છે; પણ વિષય કષાયમાં નિમગ્ન, સ્ત્રી પુત્રાદિ પરિવારવાળા, દ્રવ્યોપાર્જનમાં યથેચ્છ પ્રવૃત્તિ કરનાર એવા ગૃહસ્થોને તેના અધિકારી કહેલા નથી. શાસ્ત્રજ્ઞ થવાનો અધિકાર પણ તેનો કહે છે, શાસ્ત્રદેશક પણ તેને બતાવે છે, શાસ્ત્રકહકની ઉપમા પણ તેને આપે છે અને શાસ્ત્રોક્ત આચારના કર્ત્તા તરીકે પણ તેનેજ ઓળખાવે છે. આધુનિક સમયમાં ગૃહસ્થગુરૂની માન્યતા વધારવાનો અવિચ્છિન્ન પ્રયાસ કરનારાઓએ આ ઉપરથી પૂરતો ધડો લેવા યોગ્ય છે. સંસારીની હદ કેટલી છે ? ક્યાં સુધી છે ? તેનો પણ વિચાર કર્યા સિવાય ગૃહસ્થને ખમાસમણ પૂર્વક વાંદવા અથવા તે પ્રકારે પોતાને વાંદનારનો નિષેધ ન કરવો તે બંને શું બતાવે છે ? ભરત ચક્રવર્તી જેવા આરીસાભુવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારને પણ ઇંદ્ર મુનિવેશ ગ્રહણ કર્યા પછીજ વાંદે છે. તો જેમાં સામાન્ય રીતના ગુણીપણાનું પણ અનિશ્ચિતપણું છે ત્યાં એવા પ્રકારે વંદાવું પૂજાવું અથવા એવા ગૃહસ્થની પ્રતિમા બનાવવી અને તે પ્રતિમાની અથવા તેની છબી કે ફોટોગ્રાફની પૂજા કરવી, તેની આરતીઓ ઉતારવી, તેને

For Private And Personal Use Only

વંદના નમસ્કારાદિ કરવા કરાવવા તે એકાંત મિથ્યાત્વની જ વૃદ્ધિ કરનાર છે, અને તે શાસ્ત્રચક્ષુ વિનાના સંસારમાં પરિભ્રમણ કરવાની ઇચ્છાવાળા જીવોનુંજ કર્તવ્ય છે. જો ખરા વંદન પૂજન યોગ્ય થવું હોય–તેવી યોગ્યતા મેળવવી હોય તો આ અષ્ટકમાં કહ્યા પ્રમાણે પ્રથમ શાસ્ત્રચક્ષુ મેળવવા અને પછી તે ચક્ષુવડે જે ઉત્તમ માર્ગ દેખાય તે માર્ગે ક્રમણ કરવું, એજ આત્માને ખરેખરૂં હિતકારક છે; તે સિવાયની કરણી આ અષ્ટકના છઠ્ઠા શ્લોકમાં કહ્યા પ્રમાણે આત્મહિતકારક નથી. ઉત્તમ જીવો નિરંતર આત્મહિતના ઇચ્છક જ હોય છે. ઇત્યલમ્. **તંત્રી.**

---

# श्री पर्युषण पर्वाधिराज संबंधी निज कर्तव्यमां श्रावकोए अवश्य आदरवा योग्य विवेक.

( લેખક–સદ્ગુણાનુરાગી કર્પૂરવિજય )

હર્ષની વાત છે કે ઘણા વખતથી વિરહમાં રહેલી ખરી પતિવ્રતા–સતી જેમ પોતાના પ્રાણપ્રિય પતિને લાંબો વખત વીત્યાબાદ નીરખે છે ત્યારે પોતાના પ્રિય પતિને મળતાં જેવા ઉત્કટ પ્રેમથી તે તેને ભેટે છે અને નિજ વિરહવ્યથા મિટાવી ભારે આનંદ અનુભવે છે તેમ વચમાં લાંબો અંતર વીત્યા બાદ જ્યારે ઘણા વખતથી વાટ જોવાએલા શ્રી પર્યુષણ પર્વાધિરાજ ભવ્યાત્માને પૂર્વ પુન્યસંયોગે આવી મળે છે ત્યારે તે પુણ્યાત્માના હર્ષ–આનંદ–ઉત્સાહનો પાર રહેતો નથી. તેવા પુણ્ય સંયોગને પામી ભવ્યાત્મા અતિ ઉલટભેર નિજ કર્તવ્ય કર્મમાં મંડી જાય છે. આ પ્રમાણે પ્રાયઃ સહુ કોઇ જૈન ભાઈ બ્હેનો પોતપોતાના ક્ષયોપશમ અનુસારે ઉક્ત પર્વાધિરાજના પવિત્ર દિવસો ઉજવતા દ્રષ્ટિગોચર થાય છે. ઉક્ત પર્વાધિરાજમાં મુખ્યતાથી કયા કયા જરૂરી કામ કરવામાં આવે છે તે, તે પર્વના દિવસોમાં અવશ્ય રાખવા યોગ્ય વિવેક સાથે અહીં બતાવવા યત્ન કરેલો છે, તે વાંચી સારગ્રાહી સજ્જનો રાજહંસની પેરે ગુણ ગ્રહણ કરશે એવી આશા છે.

૧ **ચૈત્ય પરિપાટી**—આપણે રહેવાના સ્થળમાં ( ગામ કે નગરમાં ) જેટલા જિનચૈત્યો હોય તે બધાં દિનપ્રત્યે જુહારવા જતાં જે વિધિ[1] આપણે ગુરૂગમથી જાણવામાં આવેલ હોય તે મુજબ વર્તવા જરૂર લક્ષ રાખવું. પ્રભુનાં દર્શન પૂજન વખતે તેમજ ચૈત્યવંદન વખતે પોતાનું ચિત્ત તેમાં પરોવી દેવું

---

૧ [illegible] વિધિ-[illegible] ભાષ્યમાંથી [illegible] [illegible] શ્રાવકજનો [illegible] સંબંધી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વારંવાર પ્રભુના અનંત ગુણોની ભાવના લાવી આપણે પણ એવા સદ્ગુણી થવા ઇચ્છવું. આપણું લક્ષ કેવળ પ્રભુ સામેજ રાખી બીજા ભાઈ બ્હેનોના કામમાં ખલેલ ન પડે એ રીતે શાંતિથી પ્રભુ ગુણ ગાવા.

૨ **સાધુવંદન**—જિનચૈત્યોની પેરે સંયમવંત-મહાવ્રતધારી મુનિજનોને પ્રતિદિન વંદન નમસ્કાર કરી સુખશાતા પૂછવી; તેમજ તેમની યથા યોગ્ય સેવાભક્તિ સ્વહિત સમજીને કરવી. સદ્ગુણી સાધુ સાધ્વીઓનાં દર્શનાદિક કરી એમના જેવા ઉત્તમ સદ્ગુણો પ્રાપ્ત કરવાની ભાવના ભાવવી.

૩ **શાસ્ત્ર શ્રવણ**—આઠ દિવસ સુધી આપણને હિત માર્ગ બતાવનારા સદ્ગુરૂનો જોગ હોય તો તેમની પાસે જઇને, વિનય બહુમાન સહિત અઠ્ઠાઇનો મહિમા, તેમાં આપણે કરવા યોગ્ય કરણી અને તે કરણી કરવાના હેતુ પ્રમુખ જાણી ગતાનુગતિકતા તજી, જરૂર વિવેક આદરવો અને સર્વ શાસ્ત્રોમાં અગ્રગણ્ય શ્રી કલ્પસૂત્ર અક્ષરે અક્ષર તેના અર્થ-રહસ્ય સાથે સાંભળી તેમાંથી જે ઉત્તમ બોધ લેવો ઘટે તે પ્રમાદરહિતપણે લેવો અને આદરવો. સદ્ગુણોનું સેવન કરી નિજ જન્મ સફળ કરવો.

સદ્ગુરૂનો તથાવિધ જોગ ન હોય તો કોઈપણ વ્રતધારી અથવા સુશીલ સુજ્ઞ શ્રાવક સમીપે પણ યથોચિત શાસ્ત્ર શ્રવણ[1] કરવું.

૪-૫ પ્રભુપૂજા અને ગુરૂભક્તિ કરતાં જેમ નિજ દ્રવ્યની સફળતા થાય તેમ ઉત્તમોત્તમ વસ્તુઓ વાપરવી. હૃદયમાં તેઓશ્રીનાં ઉત્તમોત્તમ ગુણોનું બહુ માન લાવવું, ઉત્તમ ગુણોની સ્તવના કરવી, અને કોઇ પણ પ્રકારની આશાતનાથી દૂર રહેવા પ્રયત્ન કરવો. જેથી અન્ય જનોને પણ આપણા ઈષ્ટ દેવ ગુરૂ ઉપર પ્રેમ જાગે એવો અનુકરણ કરવા લાયક વિનય સર્વ પ્રકારે સેવવો.

૬ સાધર્મી વાત્સલ્ય કરવામાં જે અજયણાદિક દોષો સેવાતા જોવાયછે તે દોષો દૂર કરવા અને જયણા સહિત થાય તેમ નિજ હિત સમજીને કરવા સહુએ અવશ્ય લક્ષ રાખવું. પ્રેમથી નિમંત્રણ કરી ભક્તિ કરનારનું મન પ્રસન્ન થાય-દુભાય નહિ એ રીતે વર્તવા સહુએ લક્ષ રાખવું. એઠવાડ મુકવાથી નકામો બંજવાડ થવા ઉપરાંત ઘણા ત્રસ જીવોની પણ વિરાધના થાય છે એ ભારે દોષ જાણી તજવો. આગેવાનોએ સહુને પ્રથમથીજ એવી સૂચના કરવી, જેથી ખાનપાનમાં એઠવાડો થવાજ પામે નહિ. આવે પ્રસંગે સીદાતા સ્વધર્મી જનોને ગુપ્ત રીતે સહાય કરવા અને તેમને ધર્મ માર્ગમાં સ્થિર કરવા પૂરતું લક્ષ રાખવાનું ભૂલવું નહિ. લક્ષ્મીનો ખરો લાહો લેવાનું ક્ષેત્ર ભાગ્યેજ મળી શકે છે,

૧ સદ્ગુરૂના વિરહે સુશીલ ગૃહસ્થો સુખે વાંચી શકે એવું શ્રી પર્યુષણ મહાત્મ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ આજકાલ પ્રભાવના કરવામાં પતાસાં પ્રાયઃ વપરાય છે. તેનો પગ નીચે કચરાઈને ભૂકો થાય છે ત્યારે કીડીઓ વિગેરે સંખ્યાબંધ ત્રસ જીવો તેને વળગે છે અને લોકોના પગથી દબાઇને અથવા બીજી રીતે વિનાશ પામેછે. આ કરતાં બીજી વસ્તુથી પ્રભાવના થઇ શકે છે. જો આવી નજીવી વસ્તુ કરતાં બોધદાયક નાનાં પણ ઉપયોગી પુસ્તકોની પ્રભાવના કરવામાં આવે તો એથી પરિણામે સારો લાભ થઇ શકે. એવાં પુસ્તકો બાળ-અજ્ઞ જીવોને ઘણાં બોધદાયક નીવડે એવી ખાસ કાળજી પુસ્તક-યોજકોએ રાખવી જોઇએ.

૮ આપણામાં ખમત્ ખામણાની ચાલતી રીત મુજબ સંવત્સરી પ્રતિક્રમણ વખતે કે તે પછી ' સકળ સંઘને મિચ્છામિ દુક્કડં ' કહેવામાં આવે છે પણ ખરી રીતે જોતાં તો જેની સાથે કાંઈપણ વૈર વિરોધ કે અપ્રીતિભાવ ઉપજ્યો હોય તેને જેમ બને તેમ જલદી પ્રથમથીજ ખમાવીને પછી નિઃશલ્યપણે શુદ્ધ ભાવથી પ્રતિક્રમણ ક્રિયા કરવી જોઇએ. તે વખતે પણ રીતસર સહુ સંઘ સમક્ષ ખામણા ફરી કરવામાં કશી અડચણ નથી. શુદ્ધ અંતઃકરણથીજ ખમવું અને ખમાવવું જોઇએ, નહિ તો અંતરશલ્ય રહેવાથી જીવને ભવિષ્યમાં ભારે સહન કરવું પડશે એ સહુ કોઈ શ્રાવક શ્રાવિકાઓએ ભૂલવું નહિ.

૯ આજકાલ આપણામાં પર્યુષણ પ્રસંગે વધારે તપસ્યા કરવાનો પ્રચાર થયો જણાય છે. તે તપસ્યા જો ક્રમસર ધીમે ધીમે શક્તિ અનુસારે આગળ વધીને કરવામાં આવતી હોય તો તેથી ફાયદોજ થાય છે. પણ જો ગજા ઉપરાંત દેખાદેખીથી તપસ્યા વધારે પ્રમાણમાં કરાયછે તો તેમાં ક્વચિત્ આર્ત્તધ્યાનનો પ્રસંગ આવે છે; જે ઘણો હાનિકારક છે. તેથી જેમને વધારે તપસ્યા પર્યુષણ વખતે કરવા ઇચ્છાજ હોય તેમણે તેનો પ્રથમથીજ ધીમે ધીમે મ્હાવરો પાડવો જોઇએ. તે સાથે બીજો ધર્મ અભ્યાસ પણ વધારતા રહેવું જોઇએ. શીલ, સંતોષ, ક્ષમા અને સમતાદિક ગુણો માટે તો જરૂર તપસ્વીને ચીવટ રહેવી જોઇએ.

૧૦ અભયદાનમાં કસાઈવાડેથી જીવ છોડાવવાનો રીવાજ ચાલે છે. તેથી તે કસાઇ જાણી જોઇને વધારે વકરો કરવા વધારે પશુઓ લાવી મન ગમતાં દામ માગે છે અને એ પૈસાથી તેના પાપવ્યાપારને પુષ્ટિ મળે છે એમ કહેવાય છે એ કરતાં આગમચથીજ તેવાં જાનવરોને કસાઈને ત્યાં જતાં અટકાવવાની તજવીજ કરાય તો થોડે પૈસે વધારે લાભ થાય. આ બાબત મુંબઇમાં જીવ દયા જ્ઞાનપ્રસારક મંડળ તરફથી સલાહ મેળવી પૈસાનો યોગ્ય વ્યય કરવાની વ્યવસ્થા કરવી જોઇએ.

૧૧ સંવત્સરી પ્રતિક્રમણ જેમ બને તેમ શાન્તપણે, નિજ લક્ષ રાખી, ગુરૂસમક્ષ કરી, મોહ અજ્ઞાન વશ થયેલાં પાપોની આલોચના-નિંદા કરવી અને ફરી તેવાં પાપથી પાછા [illegible] આ ઉપરાંત શાસનના તપ-

For Private And Personal Use Only

ઘોડા વિગેરે પૂર્વેની રીતિને અનુસરી કરવામાં આવે છે તેવા ખર્ચ કમી કરી તેમાંથી પૈસા બચાવીને, જેનાથી વિદ્યા વૃદ્ધિ–જ્ઞાન વૃદ્ધિ થાય એવી જરૂરી બાબતોમાં તે પૈસા વાપરવાની વ્યવસ્થા કરાય તો એ વધારે લાભદાયક સમજાય છે. નાત જાતના દંડ ફંડના પૈસાનો પણ નકામા ખાનપાનમાં ઉપયોગ નહિ કરતાં આવે જરૂરી રસ્તેજ વ્યય થાય એ વિશેષ લાભદાયક છે, કિંબહુના ? ઈતિશમ્.

**નોટ—**

૧ પર્યુષણમાં પતાસાની પ્રભાવના કરવાથી અનેક ત્રસજીવોની હાનિ થાય છે. ઉપરાંત સુખડીઆ લોકો જૈનોને આપવા માટે પર્યુષણના દિવસોમાં પણ અણોજા ભાંગીને ઘર પાસે નવી ચુલ્યો કરી પતાસા પાડે છે અને અનેક જીવોની વિરાધના આપણે નિમિત્તે કરે છે તેથી તેવી છ કાયની વિરાધના અળસાવવા સારૂ પર્યુષણમાં તો પતાસાની પ્રભાવના બંધજ કરવા લાયક છે.

પર્યુષણમાં વરઘોડા કાઢવા એ શાસનોન્નતિનું પ્રબળ ચિહ્ન છે. તે ક્રિયા આવશ્યક છે. વારંવાર કાંઈ વરઘોડા ચડાવાતા નથી તેથી વિવાહના વરઘોડાના મોટા ખર્ચ કાયમ રહે અને ધર્મ સંબંધી વરઘોડાના ખર્ચ કમી કરવા વિચાર થાય તે યોગ્ય નથી. વિદ્યાવૃદ્ધિનો વિષય ખાસ ઉપયોગી અને હિતકર છે પરન્તુ આ અવસરે વરઘોડા પણ જરૂરના છે, માટે યથા અવસરે તે બંને ક્રિયામાં યોગ્ય પ્રવૃત્તિ કરવી. તંત્રી.

## जैन कोमना हितनी खातर खास निर्माण करेली समयानुसारी बहु अगत्यनी नम्र सूचनाओ.

( લેખક–જૈનશાસનરસિક સદ્ગુણાનુરાગી કર્પૂરવિજય. )

૧ દરેક માંગલિક પ્રસંગે વિદેશી ભ્રષ્ટ વસ્તુઓથી આપણે પરહેજ રહેવું અને સ્વદેશી પવિત્ર વસ્તુઓનો જ ઉપયોગ કરવો અને કરાવવો.

૨ આપણા પવિત્ર તીર્થોની સેવા–રક્ષા અર્થે આપણાથી બને તેટલો સ્વાર્થ ત્યાગ કરવા તથા આત્મભોગ આપવા તૈયાર રહેવું.

૩ કોઈ પણ જાતના કુવ્યસનથી સદંતર દૂર રહેવું અને આપણી આસપાસનાને એનાથી દૂર રહેવા પ્રીતિભરી પ્રેરણા કરવી.

૪ શાન્ત રસથી ભરેલી જિનપ્રતિમાને જિનેશ્વર તુલ્ય લેખી આપણે તેવાજ અવિકારી થવા પૂજા અર્ચાદિક પ્રેમથી કરવા–કરાવવા બનતું લક્ષ રાખવું–રખાવવું.

૫ આત્મશાન્તિને આપનારી જિનવાણીનો લાભ મેળવવા (સાંભળવા) પ્રતિદિન થોડો ઘણો વખત પ્રેમપૂર્વક પ્રમાદરહિત પ્રયત્ન કરવો.

૬ જૈન તરીકે આપણું કર્તવ્ય શું શું છે ? તે સારી રીતે જાણી તે પ્રમાણે આગમના યથાશક્તિ [illegible] કરવો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ શરીર નિરોગી હોય તોજ ધર્મસાધન રૂડી રીતે થઈ શકે માટે શરીર-આરોગ્ય સાચવવા પૂરતી સંભાળ રાખવી. વળી બાળલગ્ન, વૃદ્ધવિવાહ પરસ્ત્રી તથા વેશ્યાગમન, માદક આહાર, કુપથ્ય સેવન અને કુદરત વિરૂદ્ધ વર્તનથી નાહક વીર્ય વિનાશ કરવાવડે શરીર કમજોર થઈ જાય છે, એમ સમજી ઉક્ત અનાચારથી સદંતર દૂર રહેવા લક્ષ રાખવું.

૮ આવકના પ્રમાણમાંજ ખર્ચ રાખવું અને બીનજરૂરી ખર્ચ બંધ કરી બચેલાં નાણાંનો સદુપયોગ કરવા-કરાવવા પૂરતું લક્ષ રાખવું.

૯ શુભ-ધર્માદા ખાતે ખર્ચવા કાઢેલી રકમ વગર વિલંબે વિવેકથી ખર્ચી દેવી, કારણકે સદાકાળ સહુના સરખા શુભ પરિણામ ટકી રહેતાં નથી. વળી લક્ષ્મી પણ આજ છે અને કાલે નથી, માટે કાલે કરવું હોય તે આજેજ કરવું-કરાવવું ઉચિત છે.

૧૦ જ્ઞાનદાન સમાન કોઇ ઉત્તમ દાન નથી એમ સમજી એ કાર્યમાં યથા-શક્તિ સહાય કરવી અને તત્ત્વજ્ઞાનનો ફેલાવો થાય તેવો પ્રબંધ કરવો. કેમકે શાસનની ઉન્નતિનો ખરો આધાર તત્ત્વજ્ઞાન ઉપર અવલંબી રહેલો છે.

૧૧ આપણા જૈની ભાઇ બ્હેનોમાં અત્યારે ઘણે ભાગે કળા કૌશલ્યની ખા-મીથી, પ્રમાદ આચરણથી, અગમચેતીપણાના અભાવથી અને નાતવરા વિગેરે નકામા ખર્ચ થતા હોવાથી જે દુઃખભરી હાલત થવા પામી છે તે જલદી દૂર થાય તેવી તાલીમ ( કેળવણી ) દેશકાળને અનુસારે ઉછરતી પ્રજાને આપવા દરેક યોગ્ય સ્થળે ગોઠવણ કરવી.

૧૨ વીતરાગ પ્રભુનો પવિત્ર ઉપદેશ આખી આલમને ઉપગારી થઇ શકે એવો હોવાથી તેનો જેમ અધિક પ્રચાર થવા પામે તેમ પ્રયત્ન કરવો. જગદ્ગુરૂ જિનેશ્વર ભગવાને ફરમાવેલી દશ શિક્ષાનું રહસ્ય એ છે કે—

(૧) શાસન રસિક જૈનોએ સહુ કોઈ જીવોનું ભલું કરવા-કરાવવા બનતી કાળજી રાખવી અને ઉદાર દીલથી આત્મભોગ આપવો. ( ક્ષમા )

(૨) મદ, માન કે અહંકાર તજી સાદાઇ, ભલમનસાઇ અને નમ્રતા રાખી સહુ સાથે હળીમળીને રહેવું અને ગુણીજનોનો અધીક આદર કરવો, તેમના પવિત્ર સમાગમમાં આવી સદ્બોધ મેળવવો, અને તે પ્રમાણે ચીવટ રાખીને સદ્વર્તન સેવવું. ( નિરભિમાનતા. )

(૩) માયા-કપટ તજી, સરલતા આદરી, મન વચન અને કાયાની શુદ્ધિથી સ્વપર હિત થાય તેવાં કાર્ય કરવાં. ( સરલતા. )

(૪) લોભ-તૃષ્ણા તજી સંતોષ વૃત્તિ રાખીને બની શકે તેટલાં પરમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૫) કુવાસના તજી, ઇચ્છાનિરોધ-તપવડે નિજદેહદમન કરી, પવિત્ર જ્ઞાન ધ્યાન યોગે આત્મ-સુવર્ણ શુદ્ધ કરવું. (તપ)

(૬) ઇંદ્રિય-વિષય અને કષાયને કાબુમાં રાખી પવિત્રપણે યથાશક્તિ વ્રત નિયમો પાળવા પ્રયત્નશીલ થવું. (સંયમ)

(૭) સત્યનું સ્વરૂપ સમજી પ્રિય, પથ્ય અને તથ્ય એવું વચન પ્રસંગ પામીને ડહાપણથી બોલવું. (સત્ય).

(૮) અંતઃકરણ સાફ રાખી, વ્યવહાર શુદ્ધિ સાચવવી. ન્યાય, નીતિ અને પ્રમાણિકપણું સાચવીને ચાલવું. (શૌચ).

(૯) પરઆશા-પરાધીનતા તજી, નિઃસંગતા-નિઃસ્પૃહતા ધારી એકાન્ત આત્મહિત કરવા ઉજમાળ થવું. (અકિંચનતા).

(૧૦) બ્રહ્મચર્ય-શિષ્ટ આચાર વિચારને સેવી, આત્મરમણતા યોગે, અતીંદ્રિય એવા સહજ સ્વાભાવિક સુખનો અનુભવ કરવો. એળ ભમરીના ન્યાયે પરમાત્મ ચિન્તવનવડે તેમની સાથે એકતા કરવી. (બ્રહ્મચર્ય).

ક્લેશ, કુસંપ, વેર, વિરોધ, ઇર્ષ્યા, અદેખાઇ, નિંદા, ચુગલી વિગેરે વિકારોને મહા દુઃખદાયક જાણી પરિહરવા.

કુસંગથી આદરી લીધેલા ખોટા રીત-રીવાજોને હાનિકર્ત્તા જાણી દૂર કરવા-કરાવવા પૂરતું મથન કરવું.

કોઇ રીતે સીદાતા-દુઃખી થતા સ્વધર્મી જનોને સારી રીતે સહાય આપવા સહાય લક્ષ રાખવું.

માતા, પિતા, સ્વામી અને ગુરૂમહારાજનો આપણા ઉપર થયેલો અનહદ ઉપગાર સંભારી તેને કાયમ સ્મરણમાં રાખી, તેમનું હિત કરવાની સોનેરી તક મળે ત્યારે તે ગુમાવવી નહિ. દ્રવ્યથી અને ભાવથી બની શકે તેટલી તેમની સેવા ભક્તિ જરૂર કરવી.

કોઇએ કસૂર કરેલી જાણી, તેનો તિરસ્કાર કરવાને બદલે તેની ભૂલ શાન્તિથી સમજાવી સુધરાવવી વધારે હિતકારી છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને નિજ લક્ષમાં રાખી નમ્ર ભાવે ઉચિત પ્રવૃત્તિ કરનાર સુખે સ્વપર હિત સાધી શકે છે.

રાગ, દ્વેષ અને મોહાદિક સમસ્ત દોષને સર્વથા જીતી, જિનેશ્વરો આપણને એવાજ નિર્દોષ નિર્વિકારી થવા સતત્ ઉપદિશે છે, એ મુદ્દાની વાત લક્ષમાં રાખી, સહુ કોઈ ઉપદેશકો, મુનિજનો અને શ્રાવક જનો ઉક્ત સૂચનાઓનો અમલ કરશે તો અલ્પ સમયમાં અને અલ્પ પ્રયાસે લાભ પામી શકશે. ઇતિશમ્.

For Private And Personal Use Only

# छद्मस्थपणामां महावीरनो अपूर्व समभाव.*

દાન, શીળ, તપ ને ભાવ એ ચાર પ્રકારના ધર્મમાં અમુક અપેક્ષાએ દાન ધર્મની મુખ્યતા છે. દાન સ્વપર ઉપકારી છે. બીજા ધર્મ માત્ર સ્વઉપકારી છે. દાનની અંદર પોતાના અધ્યવસાય માત્ર જોવાતા નથી પરંતુ સામું પાત્ર પણ જોવાય છે. તેમજ ચિત્ત, વિત્ત ને પાત્ર એ ત્રણ પ્રકારવડે પણ લાભાલાભની અથવા થોડા વત્તા લાભની ગણના કરી શકાય છે. ચિત્ત ગમે તેવું સારૂં હોય પણ વિત્ત એટલે જેનાથી ઉત્પન્ન થયેલ આહારાદિ હોય તે મૂળ વસ્તુ (દ્રવ્ય) અથવા આપવાની ચીજ અશુદ્ધ, હિંસાયુક્ત, આત્મિક ગુણની હાની કરનારી હોય તો પૂર્ણ લાભ થઇ શકતો નથી. તેમજ ચિત્ત ને વિત્ત યોગ્ય હોય પણ પાત્ર અયોગ્ય હોય તોપણ તે દાન પૂર્ણ ફળદાયક થતું નથી.

જૈનશાસ્ત્રમાં સુપાત્ર દાન સર્વમાં ઉત્કૃષ્ટ કહ્યું છે. તેમાં પણ પાત્રભેદે ફળભેદ કહેલો છે. તીર્થંકર ભગવંત રત્નપાત્ર તુલ્ય છે, મુનિમહારાજ સુવર્ણના પાત્ર તુલ્ય છે, દેશવિરતિ શ્રાવક ચાંદીના પાત્ર સદશ છે અને અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ જીવો તામ્ર પાત્ર સમાન છે. તે શિવાયના મિથ્યાત્વી અવિરતિ જીવો લોહ તથા મૃત્તિકાના પાત્ર તુલ્ય છે, તેઓ તો સુપાત્રની ગણનામાંજ નથી. આમાં કહેલા સુપાત્રો પૈકી સર્વોત્તમ રત્નપાત્ર તુલ્ય તીર્થંકર ભગવંત મહાવીરસ્વામીને તેમની છદ્મસ્થાવસ્થામાં દાન આપનાર **નવીન** શેઠ અને દાન નહીં આપ્યા, છતાં દાનનું ફળ પ્રાપ્ત કરનાર **જીર્ણ** શેઠનો પ્રસંગ અહીં લેવામાં આવ્યો છે; અને તેમાં વીર પરમાત્માએ સમભાવ કેવો બતાવ્યો છે તે જણાવવાનો આ લેખનો મુખ્ય હેતુ છે. તે સાથે દાન ધર્મ તેમાં પણ સુપાત્રદાન કેવું ફળદાયક છે? ભાવ વિનાના દ્રવ્યદાનથી પણ સુપાત્રના યોગે કેવી ફળ પ્રાપ્તિ થાય છે? અને દાન દીધા વિના પણ દાન દેવાના શુભ અધ્યવસાયથી કેવી ઉચ્ચ ફળની પ્રાપ્તિ થાય છે? તે બતાવવાનો આ લેખનો અવાંતર હેતુ છે. આ હેતુ સિદ્ધ કરવા માટે પ્રથમ તે કથા પ્રસંગ આ નીચે પ્રદર્શિત કરવામાં આવે છે.

બારવ્રતધારી **ચેટક** મહારાજાથી વિભુષિત **વિશાળા** નામે નગરી છે. તે નગરીમાં અનેક દ્રવ્યવાન્ શ્રીમંત ગૃહસ્થો વસે છે. તે બધામાં એક **જિનદત્ત** નામે મુખ્ય શ્રેષ્ઠિ હતા. કાળક્રમે તેમનું દ્રવ્ય નષ્ટ થયું, વૈભવ નાશ પામ્યો. સામાન્ય

* જૈન કોન્ફરન્સ હેરલ્ડના મહાવીર અંક માટે મોકલેલ લેખનો લાભ જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને આપવા સારૂ તે અહીં દાખલ કર્યો છે. તંત્રી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિવાળા થઈ ગયા એટલે એક પુરણ નામના શેઠને નગરશ્રેષ્ઠિની પદવી મળી. તે અભિનવ શેઠના નામથી ઓળખાવા લાગ્યા. લોકો તેને નવીન શેઠ પણ કહેતા હતા.

આ નવીન શેઠ થયા એટલે પ્રથમના શેઠ જીર્ણશ્રેષ્ઠિના નામથી પ્રસિદ્ધ થયા. લોકો તેને જીરણશેઠના નામથીજ બોલાવવા લાગ્યા. આ જીર્ણ ને નવીન શ્રેષ્ઠિમાં એક વાતેનું મહદંતર હતું. જીર્ણશેઠ બારવ્રતધારી શુદ્ધ સમકિતી શ્રાવક હતા, દેવગુરૂના પરમ ભક્ત હતા, અહર્નિશ ધર્મપરાયણ હતા અને સંસારથી કેટલેક અંશે વિરક્ત હતા; ત્યારે બીજા નવીન શ્રેષ્ઠિ મિથ્યાદૃષ્ટિ હતા, રાગી દ્વેષી હરિહરાદિક દેવના ભક્ત હતા અને સંસારમાં આસક્ત હતા.

આ અવસરે ભગવંત શ્રી મહાવીર સ્વામીએ ચારિત્ર અંગીકાર કરેલું હતું અને છદ્મસ્થપણામાં વિચરતા હતા. આ વિરક્ત પરમાત્માનું છદ્મસ્થપણું પણ અપૂર્વ હતું. તેઓ આત્મહિતની પૂર્ણતા કરવા માટે, વીતરાગદશા પ્રાપ્ત કરવા માટે અને કેવળજ્ઞાન મેળવવા માટે અહર્નિશ પ્રયત્નશીળ હતા. તેઓ છદ્મસ્થાવસ્થામાં નિદ્રા લેતા નહીં, ભૂમિપર બેસતા નહીં અને કોઇની સાથે પ્રાયઃ સંભાષણ પણ કરતા નહીં; તેમજ ધર્મોપદેશ આપતા નહીં, માત્ર ઉત્કૃષ્ટ ધર્મધ્યાનમાંજ વર્તતા હતા, તેમની આત્મવિશુદ્ધિ દિન પરદિન વૃદ્ધિ પામતી હતી અને કૈવલ્યદશા નજીક આવતી હતી.

છદ્મસ્થપણાના સાડબાર વર્ષમાં દશમું ચોમાસું શ્રાવસ્તિમાં કર્યા બાદ કલ્પાતીતપણે વિહાર કરતા કરતા અગ્યારમા ચોમાસાના પ્રારંભમાં વીર ભગવંત વિશાળાનગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા અને બળદેવનાં મંદિરમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. ઉત્તમ પુરૂષના આવાગમનની પ્રતીક્ષા કરનાર જીર્ણશ્રેષ્ઠિને આ મહાત્મા નગર બહાર આવવાની ખબર પડી એટલે તેઓ તરતજ ત્યાં ગયા અને ભગવંતને વિધિપૂર્વક વંદન કર્યું. ભગવંત તો મૌન હતા એટલે જવાબ મળવાનો સંભવ નહોતો; પરંતુ ભક્તિમાન્ જીર્ણશેઠે પોતાને ત્યાં લાભ દેવા માટે-વહોરવા માટે પધારવાનું આમંત્રણ કર્યું. પછી ઘરે જઈ બે પ્રહર વ્યતીત થતા સુધી રાહ જોઇ, પરંતુ ભગવંત પધાર્યા નહીં, એટલે તેણે ધાર્યું કે-'આજે ઉપવાસ હશે તેથી આવ્યા નહીં હોય.' બીજે દિવસે પ્રાતઃકાળે જીરણશેઠ ઉદ્યાનમાં ગયા. ભગવંત તો તેજ સ્થાનકે કાયોત્સર્ગમાં સ્થિત હતા. જીરણશેઠે વંદન કર્યું અને તે દીવસ તો જરૂર પધારવા પ્રાર્થના કરી તે દિવસ પણ પ્રભુ પધાર્યા નહીં એટલે શેઠે જાણ્યું કે 'પ્રભુને છઠ્ઠ હશે તેથી નહીં આવ્યા હોય.' ત્રીજે દિવસે શેઠ વંદન કરવા ગયા અને પધારવાની પ્રાર્થના કરી. તે દિવસે પણ ન આવવાથી પ્રભુને અઠ્ઠમ હશે એમ શેઠે ધાર્યું. આ પ્રમાણે દરરોજ વંદન કરવા જતા, પ્રાર્થના કરતા, રાહ જોતા ને પ્રભુ ન પધારતા ત્યારે તપવૃદ્ધિ ધારતા. એમ કરતાં કરતાં ચાર માસ પૂર્ણ થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચતુર્માસ પછીના પહેલા પારણાને દિવસે શેઠ ઘણા ભાવથી વંદન કરવા ગયા. આનંદથી વંદના કરી અને ' આજે તો હે પરમાત્મા ! મને પાવન કરવા માટે અવશ્ય મારે ત્યાં પધારશો' એવી શુદ્ધ અંતઃકરણથી પ્રાર્થના કરી. ભગવંત તો મૌનજ રહ્યા. શેઠ ઘરે આવ્યા પરંતુ આજ તો તેનો ઉલ્લાસ અપૂર્વ હતો. તેણે ઘરના બધાં માણસો સ્ત્રી પુત્ર બંધુવર્ગ સ્વજનો વિગેરેને એકઠા કર્યાં અને આજે ભગવંત ચતુર્માસિક ઉપવાસનું-મહાન્ તપનું પારણું કરવા આપણે ત્યાં પધારશે એમ વાત કરી. તે સાંભળીને સર્વે પરમાત્માની યથાશક્તિ ભક્તિ કરવા સાવધાન થયા. શેઠે પોતાના ઘરવાળી આખી શેરી સાફ કરાવી, અશુચિ દૂર કરી, નિર્મળ અને સુગંધી જળનો છંટકાવ કરાવ્યો, ચોતરફ પાંચ વર્ણના સુગંધી પુષ્પો વેર્યાં, પોતાને ઘરે તોરણ બંધાવ્યું, ચારે પ્રકારના વિશુદ્ધમાન પ્રાસુક અને એષણીય આહારની તૈયારી કરી, મેવા મીઠાઇના થાળો ભરાવ્યા, ભગવંતને બીરાજવા માટે આસન નાખ્યું, પ્રભુના આવવાના રસ્તે પટકુળ પથરાવ્યા, કુટુંબ પરિવારને એકઠો કર્યો, પછી તે સાને શિખામણ આપી કે-" પરમાત્માને દૂરથી આવતા દેખીએ કે તરત આપણે સામા જવું, પ્રભુની સાથે ઘેર આવવું, ઘરમાં પ્રવેશ કરે ત્યારે પ્રભુને મોતીવડે વધાવવા, પ્રભુને આસન પર બીરાજવા વિનંતિ કરવી, પછી ચારે પ્રકારના આહાર આગળ ધરવા, તેમાંથી વહોરવા માટે પ્રાર્થના કરવી, આગ્રહપૂર્વક ચારે પ્રકારનો આહાર વહોરાવવો, પછી પ્રભુને વંદણા કરવી, ઉપદેશ દેવાની યાચના કરવી, ઉપદેશ સાંભળવો, યથાશક્તિ વ્રત નિયમ ગ્રહણ કરવા અને પછી ભગવંત પાછા પધારે ત્યારે તેમની પાછળ વળાવવા જવું અને પરમાત્માના દર્શનવડે નેત્રને તૃપ્ત કરવાં. " ઇત્યાદિ હિતશિક્ષા આપીને પછી પોતે એકલા બેસી ભાવના ભાવવા લાગ્યા. " અહો ! મારા ધન્ય ભાગ્ય ! આજે પ્રભુ મારે ત્યાં પધારશે. ચાર માસના ઉપવાસનું મારા ઘરના આહારવડે પારણું કરશે. હું કૃતપુણ્ય થઇશ. સર્વમાં શ્રેષ્ઠ ગણાઈશ. મારૂં ચિત્ત પ્રફુલ્લિત થશે, મારો આત્મા વિકસ્વર થશે. પાપની અનંતી રાશી નાશ પામશે. પુણ્યની અનંતી વૃદ્ધિ થશે. હું દૂરથી દેખતાંજ પરમાત્માની સામે જઇશ. તેમને મારે ઘરે પધરાવીશ. ત્રિવિધે ત્રિવિધે તેઓને વંદના કરીશ. શુદ્ધમાન્ આહારથી પડિલાભીશ. પરમાત્માને દાન દેનારના છ માસ પર્યંતના બાહ્ય રોગ નાશ પામે છે અને અભ્યંતર વ્યાધિનું પણ ત્રણ ભવની અંદર સમૂળ ઉન્મૂલન થાય છે-પ્રભુને દાન આપનાર ત્રીજે ભવે સિદ્ધિપદને પામે છે. વળી એવું સુપાત્ર દાનમાં સર્વથી શ્રેષ્ઠ પ્રથમ પંક્તિનું દાન આપવાનો અવસર જે પૂર્ણ ભાગ્યશાળી હોય, નીકટભવી હોય, કર્મરાશી ઘણો નાશ પામ્યો હોય, તેનેજ તેવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ પણ જે તેની અનુમોદના કરે, જોઈને આનંદ પામે, પોતે તેવું દાન દેવાને ઈચ્છે તે પણ અપાર પુણ્યનો ભાજન થાય. મારાં ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય કે મારે આવો સુઅવસર આજે પ્રાપ્ત થયો છે. પ્રભુ અહીં પધારશે ત્યારે હું સાચા મોતીનો થાળ ભરીને તેવડે પ્રભુને વધાવીશ, પ્રભુની પૂજા કરીશ, વંદના કરીશ, સુખ સાતા પૂછીશ અને મારા આત્માને પાવન કરીશ; પછી વળી તેમનો ઉપદેશ સાંભળીશ, પરમાત્મા પાસે વિરતિપણું અંગીકાર કરીશ, દયા, દાન, ક્ષમા, શીળ, અનુકંપા વિગેરે ગુણોની પુષ્ટિ કરીશ, સમકિતને નિર્મળ કરીશ. ધન્ય છે એવા પરમાત્માને કે જે તરણ તારણ છે, જગતનો ઉદ્ધાર કરવા માટેજ જેમણે જન્મ ધારણ કર્યો છે. એક ભવમાં અનેક જીવોનો ઉદ્ધાર કરે છે અને વળી તેમણે આપેલા ઉપદેશને ગ્રહણ કરનારા ગણધર મહારાજ વિગેરે પણ પોતાના આત્માનું કલ્યાણ કરવા સાથે બીજા અનેક જીવોનું કલ્યાણ કરે છે, પરંપરાએ કલ્યાણ કરે તેવા આગમો શાસ્ત્રોની રચના કરે છે, તેના અભ્યાસવડે, શ્રવણ મનનવડે પણ અનેક જીવો ભવસમુદ્રનો પાર પામે છે. એ સર્વ પરમાત્માનોજ ઉપગાર છે. આ વીર પરમાત્મા અત્યારે તો છદ્મસ્થ અવસ્થામાં છે પરંતુ તેમનામાં શાંત રસ કેવો ભરેલો છે ? શાંત રસના તો સમુદ્રજ જણાય છે, ક્ષમાના ભંડાર છે, અનેક ગુણોથી ભરપૂર છે, આત્મહિતમાં સતત્ પ્રયત્નવાન છે. ધન્ય છે એવા પરમાત્માને ! અને ધન્ય છે મને કે જેને એમની ભક્તિ કરવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે. આવે અવસરે આત્મા જેટલી મંદતા રાખશે તેટલો લાભ ઓછો મેળવશે. આ વખતે તો આત્માનું સર્વાંશે કલ્યાણ કરી લેવું, ફરી ફરીને આવો અવસર પ્રાપ્ત થતો નથી. ધન્ય છે આ અવસરને! ધન્ય છે મને! ધન્ય છે પરમાત્માને! ”-આ પ્રમાણે શુભભાવનાએ ચડ્યા. પરમાત્માની ભક્તિના રસમાં નિમગ્ન થઇ ગયા. પરમાત્મ સ્વરૂપનો કાંઈક અનુભવ કરવા લાગ્યા. અંતરાત્મા આગળ આગળ વધવા લાગ્યો. કર્મશ્રેણી તુટવા લાગી, શુભકર્મનો સંચય થવા લાગ્યો, વૈમાનિક દેવની સ્થિતિ બંધાય તેવાં દળીયાં મેળવવા લાગ્યા. પહેલે દેવલોકે, બીજે દેવલોકે, યાવત્ બારમે દેવલોકે જવા જેવા શુભ કર્મોનો સંચય થયો. પરિણામની ધારાએ ચઢવા લાગ્યા. શ્રાવકપણાની ઉત્કૃષ્ટ હદે પહોંચ્યા. હજુ પણ ભાવની વૃદ્ધિ શરૂ હતી, ગુણઠાણાની હદ આગળ વધવાની તૈયારીમાં હતી, બાહ્ય ચેષ્ટામાત્ર ભૂલાઇ ગઈ હતી, વીર પરમાત્માની સાથે એકતાન થઇ ગયું હતું, તેવામાં દૈવયોગે આકાશમાં દેવ દુદુંભીનો શબ્દ થયો. તે કર્ણગોચર થતાં નિદ્રામાંથી જાગી જાય તેમ થયું. “ આ શું ? આ શેનો શબ્દ ? અત્યારે દેવ દુંદુભી શેની વાગી ? શું પરમાત્માએ [illegible] ? આ [illegible] ! હું અધન્ય, અકૃતાર્થ, અપુણ્યવાન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ મારે ત્યાં પધાર્યા નહીં, અન્ય સ્થળે પારણું કર્યું, મને મળનારો લાભ બીજાને મળ્યો. ” આ પ્રમાણેના ખેદયુક્ત વિચારોથી જીર્ણ શ્રેષ્ટિની પરિણામની ધારા ત્રુટી ગઈ, આગળ વધતી અટકી ગઇ, ભાવની વૃદ્ધિમાં સ્ખલના થઇ, પ્રભુને પારણું કરાવવાની તીવ્ર ઇચ્છામાં ભંગ પડ્યો. જો કે પારણું કરાવ્યા વિના પણ તેમણે પારણાનું ફળ તો મેળવી લીધું હતું, પરંતુ હજુ વધારે મેળવી શકાય તેમ હતું, તેમાં ભંગ પડ્યો. તજવીજ કરતાં ખબર પડી કે પ્રભુએ અભિનવ શેઠને ત્યાં પારણું કર્યું. ત્યાં પંચ દીવ્ય પ્રગટ થયા. સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઇ, સુગંધી જળની ને સુગંધી પુષ્પોની વૃષ્ટિ થઇ, આકાશમાં દેવ દુંદુભી વાગી અને અહોદાન, અહોદાન એવી આકાશમાં ઉદ્ઘોષણા થઇ. નગર લોક એકઠાં થયાં. અભિનવ શેઠના વખાણ કરવા લાગ્યા. તે શેઠ પણ દ્રવ્ય લાભવડે મનમાં હર્ષિત થયો.

આ અભિનવ શેઠ મિથ્યા દૃષ્ટિ હતો, તે વાત પ્રથમ કહેવામાં આવી છે. પ્રભુ ત્રીજે પહોરે વહોરવા નીકળ્યા. અભિનવ શેઠનું ઘર માર્ગમાં આવતાં તેમાં પેઠા. તેને ત્યાં સૌ જમી રહ્યું છે; બાકી વધેલું રાંધેલું અનાજ ભિક્ષુકાદિકને અપાઈ ગયું છે, થોડાક અડદના બાકળા પડ્યા છે. તે વખતે આ એક ભિક્ષુકને આવતા જોઇ અભિનવ શેઠે ઉપર બેઠા બેઠા દાસીને આજ્ઞા કરી કે-' આ ભિક્ષુને કાંઇ પડયું હોય તો આપ. ' એટલે તેણીએ શેષ રહેલા બાકળા વહોરાવ્યા. પ્રભુ તો હસ્તપાત્ર હતા એટલે ત્યાંજ તેનો આહાર કરી લીધો. તીર્થંકરનો આહાર નિહાર કોઈ જન્મથીજ દેખતું નથી એટલે આ પણ દેખવામાં ન આવ્યું. પ્રભુએ પારણું કર્યું એટલે સમીપ રહેલા ક્ષેત્ર દેવતાઓએ પ્રથમ કહી ગયા પ્રમાણે પાંચ દિવ્ય પ્રગટ કર્યા. તે જોઇ અભિનવ શેઠ હરખાતા હરખાતા નીચે ઉતર્યા. પ્રભુ તો તરતજ ત્યાંથી ચાલ્યા ગયા હતા. પણ લોકો એકઠા થયા. તેઓ અભિનવ શેઠને મુબારકબાદી આપવા લાગ્યા-ધન્યવાદ દેવા લાગ્યા. કેટલાકે પૂછ્યું પણ ખરૂં કે-'આપે શું વહોરાવ્યું ?' એટલે અભિનવ શેઠે ખરી હકીકત છુપાવીને કહ્યું કે-' મેં જાતેજ પરમાન્નવડે પ્રભુને પારણું કરાવ્યું. ' લોકોએ તે સાંભળીને વિશેષે ધન્યવાદ આપ્યો. વિશાળા નગરી આ શેઠવડેજ ભાગ્યવતી છે, એમ ગણવા લાગ્યા. ચેડા રાજા સુધી તે હકીકત જાહેર થઇ.

અન્યદા શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીયામાંથી કોઇ કેવળી મુનિ ત્યાં પધાર્યા. રાજા સહીત નગરના લોકો વંદના કરવા ગયા. કેવળી ભગવંતે દેશના આપી. દેશનાને અંતે રાજાએ અને લોકોએ પૂછ્યું કે-“ હે ભગવંત ! આ નગરીમાં સૌથી વધારે પુણ્યવાન કોણ છે ? કોનાવડે આ નગરી પુણ્યવતી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યવતી છે, અને સર્વમાં વધારે પુણ્યશાળી તે છે.” રાજાએ પૂછયું કે-“તેનું શું કારણ ? વીરપરમાત્માને પારણું તો આ નવીન શેઠે કરાવ્યું છે, જીર્ણ શેઠે કરાવ્યું નથી. તો આ નવીન શેઠ વધારે પુણ્યવાન્ કેમ નહીં ? વળી વસુધારા વિગેરે પાંચ દિવ્યો પણ આ નવીન શેઠને ઘરે પ્રગટ થયાં છે, જીર્ણ શેઠને ઘરે થયા નથી. માટે આપ જીર્ણ શેઠને સૌથી વધારે પુણ્યશાળી કેમ કહો છો ?” કેવળી ભગવંત બોલ્યા-“મહાનુભાવો ! વીર પ્રભુને દ્રવ્યથી તો નવીન શેઠે પારણું કરાવ્યું છે પણ ભાવથી જીર્ણ શેઠે પારણું કરાવ્યું છે. નવીન શેઠે વસુધારા વિગેરેનો લાભ મેળવ્યો છે પણ જીર્ણ શેઠે તો અત્યુત્કૃષ્ટ આત્મકલ્યાણ મેળવ્યું છે. નવીન શેઠનો તો થોડો પરિમિત લાભાંતરાયજ ત્રુટયો છે પણ જીર્ણ શેઠની તો ઘણા કર્મની શ્રેણી ત્રુટી ગઇ છે. નવીન શેઠે પરભવ આશ્રી કાંઈ પણ લાભ મેળવ્યો નથી અને જીર્ણ શેઠે તો બારમા દેવલોક જવા જેટલો આમુષ્મીક લાભ મેળવ્યો છે. એણે ચાર મહિના સુધી સતત્ પરમાત્માની પોતાને ત્યાં પારણું કરવા માટે પધારવા પ્રાર્થના કરી હતી અને તે દિવસે તો પ્રભુ પોતાને ત્યાં પધારશે એવો તેને દૃઢ નિશ્ચય હતો. તેણે ઘણા પ્રકારની નિર્દોષ તૈયારી કરી રાખી હતી અને પછી પરમાત્મા પોતાને ત્યાં પધારશે તે સંબંધી ભાવના ભાવવા લાગ્યા હતા. તેની ભાવનાની શ્રેણી વધતી જતી હતી. જો થોડીકવાર વધારે તેવી શ્રેણી ટકી રહી હોત-તેણે દેવદુંદુભી સાંભળી ન હોત અને તેના વૃદ્ધિ પામતા ભાવમાં સ્ખલના થઈ ન હોત તો તે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન મેળવત. પરંતુ પ્રભુએ નવીન શેઠને ત્યાં પારણું કર્યું, ત્યાં પંચદિવ્ય પ્રગટ થયા અને દેવદુંદુભી વાગી, એટલે તેની પરિણામની ધારા ત્રુટી, આગળ વધતી બંધ થઈ, તોપણ શ્રાવક વધારેમાં વધારે જેટલી ઉચ્ચ ગતિ બાંધે તેટલી તો તે બાંધી ચુક્યા-તેટલો પરમ લાભ તો તે મેળવી ચુકયા. તેથી હું કહું છું કે-આ નગરીમાં સૌથી વધારે પુણ્યશાળી જીરણ શેઠ છે.”

આ પ્રમાણેના કેવળી ભગવંતના વચનો સાંભળીને લોકોના મનમાં જીરણશેઠના પુન્યશાળીપણા વિષે ખાત્રી થઇ એટલે લોકો તેની અનુમોદના કરવા લાગ્યા. અને ખરો પુણ્યશાળી તેને માનવા લાગ્યા. ભગવંત તો ચતુર્માસ પૂર્ણ થયેલ હોવાથી ત્યાંથી વિહાર કરી ગયા અને જીર્ણશેઠ આયુષ્ય પૂર્ણ થયે કાળધર્મ પામી બારમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

આ કથાની અંદર ભગવંત મહાવીરસ્વામીનો સંબંધ તેમણે જીર્ણશેઠના ચાર માસના સતત્ આમંત્રણ છતાં, તેને ત્યાં પારણું ન કર્યું અને અભિનવ શેઠને ત્યાં કર્યું” એટલોજ છે. પરંતુ તેની ઉપરથી સાર બહુ ગ્રહણ કરી શકાય તેમ [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિક્ષણ આપનારૂં છે, તે પૈકીનો આ એક વિભાગ છે. પરમાત્મા કેવળ જ્ઞાન પામે છે ત્યારે તો સર્વથા વીતરાગ થાય છે, તેથી સર્વ જીવની ઉપર તેમને સમાનભાવ પ્રાપ્ત થાય છે. કારણકે મોહનીય કર્મનો સર્વથા ક્ષય થાય છે. રાગ દ્વેષ નાશ પામે છે એટલે કારણ નાશ પામવાથી કાર્યનો સંભવ ક્યાંથીજ હોય. પરંતુ છદ્મસ્થપણામાં પણ ચારિત્ર લે છે ત્યારથી દિનપ્રતિદિન તેમનામાં વિશુદ્ધિ વધતી જાય છે અને અશુદ્ધિ ઘટતી જાય છે. કેવળજ્ઞાન પામવાની સ્થિતિની સન્મુખ થતા જાય છે એટલે સમભાવ વધતો જાય છે. સમિતિ, ગુપ્તિ, પરિસહ, યતિધર્મ, ભાવના, ચારિત્રાદિ સંવરના નિમિત્તોનું વિશુદ્ધ સેવન થવાથી આત્માનો ચારિત્ર ગુણ નિર્મળ થતો જાય છે. તેના પરના આવરણ ઘટતા જાય છે. આત્મવિશુદ્ધિ વધતી જવાથી સમભાવમાં વૃદ્ધિ થાય છે. શત્રુ મિત્ર પ્રત્યે સમભાવ, સ્વજન પરજનમાં સમભાવ, નિંદા પ્રશંસામાં સમભાવ, લાભાલાભમાં સમભાવ, માનાપમાનકારકમાં સમભાવ, ઉપસર્ગકારક ને નિવારકમાં સમભાવ, અનુકૂળ પ્રતિકૂળ પરપ્રવૃત્તિમાં સમભાવ–ઇત્યાદિ અનેક પ્રકારનો સમભાવ વૃદ્ધિ પામતો જાય છે. તેમાંનો એક પ્રકારનો સમભાવ આ હકીકતમાં પ્રદર્શિત થાય છે. આમાં જીર્ણ ને નવીન શેઠ પ્રત્યે સમભાવ દૃષ્ટિગોચર થાય છે. જીર્ણશેઠની ભક્તિ, તેનું બહુમાન, તેની ચાર માસની સતત્ પ્રાર્થના, તેનું સમકિતીપણું, સુશ્રાવકપણું અને ધર્મયોગ્યતાના સ્થાનપણું–તેની સામે નવીન શેઠની અભક્તિ, અબહુમાન, એક દિવસની પણ પ્રાર્થનાનો અભાવ, હાથે દાન દેવાની પણ બુદ્ધિ નહીં, મિથ્યાદૃષ્ટિપણું, નિરાદર, ઉત્તમ ધાન્યાદિનો અભાવ ઇત્યાદિ અનેક વિપરીત કારણોનો સદ્ભાવ છતાં જીર્ણશેઠને ત્યાં પારણું કરવા ન જવું ને નવીનશેઠના બાકળાવડે પારણું કરવું તે શું બતાવે છે? **પરમાત્માના હૃદયનો ઉચ્ચ સમભાવ.** કેવળજ્ઞાન પામવાને હવે માત્ર એક વર્ષ લગભગનોજ વિલંબ છે. છદ્મસ્થપણાના બાર ચોમાસા પૈકી આ અગ્યારમું ચોમાસું છે એટલે સર્વથા સમભાવ પ્રાપ્ત કરવાની સ્થિતિની અત્યંત સન્મુખ થઇ ગયા છે–નજીક થઈ ગયા છે, તેનુંજ આ ઉચ્ચ પરિણામ છે.

શરીર ઉપરથી તો મમતા સર્વથા ઉઠી ગઇજ જણાય છે કે જેથી ચતુર્માસી તપના પારણામાં બાકળા મળી ગયા તો તે પણ બસ છે. વળી તે કેવા છે ને કેટલા છે? તેનો પણ જ્યાં સવાલ નથી. માત્ર ભાડા તરીકે થોડું પણ શરીરને આપી દીધું કે પત્યું. પછી તેની દરકાર નથી. શારીરિક મમતા આટલી ઉઠવી તે કરતાં પણ માનસિક મમતા આટલી ઉઠવી એ વધારે ઉચ્ચ સ્થિતિ સૂચવે છે. ચાર ચાર મહિના સુધી પ્રાર્થના કરનાર કોણ છે? તેની દરકાર પણ ન કરવી, તેનાપર રાગ આવવાની વાત તો બાજુપર રહી પણ માત્ર તેને દર્શન દેવાં કે [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર જણાતી નથી ત્યાં જણાય છે કે સાંસારિક ભાવ-લોક પ્રવાહ-લૌકીક પ્રવૃત્તિ અનુસરણ અથવા પારમાર્થિક રીતે પણ તેને ઉત્તમ જાણી તેનો મનોભાવ પૂર્ણ કરવાની વૃત્તિ એ બધી હકીકત તેમને અલ્પમાત્ર પણ અસર કરનારી થતી નથી. તેમની તો માત્ર એક આત્મહિતમાંજ પ્રવૃત્તિ છે. પ્રાર્થના કરનાર-ભક્તિ કરનાર કે શુભ પ્રયાસ કરનારને બદલો આપવાનું કામ પોતાનું નથી, તેનો બદલો તો તેના મનોભાવ પ્રમાણે મળેલોજ છે-મળેજ છે. એમ ચોકસ માન્યતા હોવાથી વીતરાગ દશાની સન્મુખ થયેલા પરમાત્માએ જીરણ શેઠ કે નવીન શેઠમાં ભિન્નતા વિચારીજ નથી અને પોતાના અત્યુત્તમ સમભાવનું દર્શન કરાવ્યું છે.

છદ્મસ્થપણામાં પણ જેમનો આવો ઉચ્ચ સમભાવ છે તેમનો વીતરાગપણામાં સંપૂર્ણ સમભાવ હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. શ્રી પાર્શ્વનાથ પરમાત્માના ચરિત્રમાં પણ આવોજ સમભાવ તેમના છદ્મસ્થપણાના વર્તનમાં દેખાઇ આવે છે. જે વખતે પૂર્વ ભવનો વૈરી કમઠ કે જે તે વખતે મેઘકુમાર નિકાયમાં મેઘમાળી નામે દેવતા થયેલ છે તે અન્ય ઉપસર્ગો કરીને પ્રાંતે જળવૃષ્ટિનો ઉપસર્ગ કરે છે અને પાર્શ્વપ્રભુને પ્રાણાંત કષ્ટમાં લાવી મૂકે છે, તે વખતે આસન પ્રકંપથી આવેલા ધરણેંદ્ર તે ઉપસર્ગનું નિવારણ કરી પરમાત્માની ઉપર છત્ર ધારણ કરે છે અને અનેક પ્રકારની ભક્તિ કરે છે. આ પ્રસંગે પાર્શ્વપ્રભુના મનોભાવનું ચિત્ર જ્ઞાની મહારાજા એવું આળેખે છે કે-' તેમાં પાર્શ્વનાથનો તો બંને પ્રત્યે-કમઠ ને ધરણેંદ્ર પ્રત્યે સમભાવ છે. એક પ્રાણાંત ઉપસર્ગ કરનાર અને બીજો તેમાંથી બચાવનાર-તેનું નિવારણ કરનાર પરમ ભક્ત તે બંનેની ઉપર એક સરખો ભાવ છે. ' કમઠ પર દ્વેષ ભલે ન હો એવી સમતા તો ઘણા ઉત્તમ જનો પણ ઇષ્ટ માને છે અને યથાશક્તિ તેનું અવલંબન કરે છે; પરંતુ ધરણેંદ્રની ઉપર રાગ ન થાય-પ્રેમ ન આવે-તેની ભક્તિથી ચિત્ત સંતુષ્ટ ન થાય તેના ઉપર અમૃત ભરેલી દૃષ્ટિ પણ ન નાખવામાં આવે એ તો તદ્દન અસંભાવ હકીકત છે, ન બની શકે એવી છે, છદ્મસ્થ મનુષ્યના ગ્રાહ્યમાં તો તે આવી શકે તેમ નથી. પરંતુ તે ઉચ્ચ છે, અપૂર્વ છે, અમાનુષી છે, દૈવી છે ઇત્યાદિ જે ઉચ્ચ ઉપમા આપી શકાય તેને તે લાયક છે. એમાં તો સંદેહ નથી. કારણ જો ભક્તિમાન ઉપર આવી મધ્યસ્થ દશા હોય તો જ અભક્ત, દ્વેષી, શત્રુભાવ વહન કરનાર ઉપર સમભાવ રહી શકે-તે વિના રહી શકેજ નહીં. જ્યાં ભક્ત ઉપર, રાગી ઉપર, પ્રેમી ઉપર રાગદશા વર્તે છે ત્યાં તેથી વિપરીત વર્તનવાળા ઉપર થોડે અથવા વધતે અંશે અવશ્ય દ્વેષભાવ હોયજ. ભલે બહાર તેનો દેખાવ ન આવે, તેવો ભાવ અન્યને જણાવા ન દે, મનને સંવરી રાખે પણ તેવો ભાવ અંદર ઉદભવ્યા વિના તો નજ રહે. એટલે સર્વથા દ્વેષ દૂર કરવા ઇચ્છનારે રાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વથા તજવોજ પડશે. રાગ તજાશે તોજ દ્વેષ તજાશે. રાગ ને દ્વેષમાં વધારે મુશ્કેલ કાર્ય રાગને તજવો તે છે અને તેથીજ પરમાત્માને **વીતરાગ** શબ્દથી બોલાવાય છે; વીતદ્વેષ કહેવામાં આવતા નથી. કેમકે રાગ સર્વથા ગયો ત્યાં દ્વેષ તો ગયેલોજ સમજવો. પણ દ્વેષ જાય ત્યાં રાગનો સર્વથા અભાવ ન સમજવો. જો કે રાગ ને દ્વેષ એ બંને મિત્રો છે અને એ ઓછા વધતા થાય પણ સર્વથા તો સાથેજ જાય તેવા છે, તોપણ તેમાં મુખ્યતા રાગની છે અને તેથીજ **રાગ કેશરી** અને **દ્વેષગજેંદ્ર** કહેવાય છે. દ્વેષને ગજેંદ્રની ત્યારે રાગને કેશરીસિંહની ઉપમા આપવામાં આવેલ છે.

આવા રાગનો સર્વથા ત્યાગ કરનાર–તેને કાયમને માટે આત્મગૃહમાંથી દેશવટો આપનાર પરમાત્માજ વીતરાગ કહેવાય છે. અને તેજ ખરેખરા દેવપણાને લાયક છે–ખરૂં દેવત્વ તેમનામાંજ છે. રાગી દ્વેષી એવા અન્ય દેવોમાં ખરૂં દેવપણું નથી. રાગી દ્વેષી દેવનું દેવપણું કહેવા માત્ર અને અલ્પકાલીન છે. તેને હજુ ભવભ્રમણ બાકી રહેલું છે, તેથી તેમની દશાનો ફેરફાર થતાં વાર લાગતી નથી. એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં, માતાના ગર્ભમાં અશુચિના મધ્યમાં રહેતાં અને હલકી જાતિમાં જન્મ ધારણ કરતાં તેમનું દેવપણું સર્વથા નાશ પામી જાય છે; ત્યારે વીતરાગ પરમાત્માનું દેવપણું કદાપિ કાળે પણ નાશ પામતું નથી–સર્વ કાળે એક સરખુંજ ટકી રહે છે. આવા કારણોને લઇનેજ અરિહંત પરમાત્મા દેવાધિદેવ કહેવાય છે. સર્વ દેવોમાં તેઓ શ્રેષ્ઠ છે, ઉત્તમ છે અને પરમપૂજ્ય છે.

આ એક નાની સરખી હકીકતમાંથી આપણે વીરપરમાત્માના હૃદયમાં રહેલો સમભાવ અવલોકયો, પીછાન્યો, તેનાપર વિચારણા કરી, તેની ઉચ્ચતા સમજ્યા, એ પરમાત્માના આખા ચરિત્રમાંથી તો આવા સમભાવ ઉપરાંત અન્ય પણ ઉચ્ચ શ્રેણીવાળા અનેક ગુણો સમજી શકાય તેમછે, જાણી શકાય તેમછે, ઓળખી શકાય તેમ છે, તેનું પૃથક્કરણ થઇ શકે તેમ છે અને તેવા દરેક ગુણોવડેજ તેઓ પરમપૂજ્ય કહેવાયા છે, વંદાયા છે, પૂજાણા છે ને સર્વોત્તમ મનાણા છે. આપણે પણ પૂર્વ પુન્યના યોગે એ પરમાત્માના વિશુદ્ધ શાસનને પામ્યા છીએ, એ પરમાત્માને દેવ તરીકે ઓળખ્યા છે, તેમના ઉચ્ચ ગુણોપર પ્રીતિ ઉત્પન્ન થઇ છે, ત્યારે હવે આપણે તેમની આજ્ઞાનું પ્રતિપાલન કરવું, તેઓ કહી ગયેલા, બતાવી ગયેલા, પ્રરૂપી ગયેલા માર્ગે ચાલવું એ આપણું પ્રથમ કર્ત્તવ્ય છે. ખરી ભક્તિ આજ્ઞાનું પ્રતિપાલન કરનારનીજ છે એમ સમજવું. જે પુત્ર પિતાની આજ્ઞા પાળે છે, તેનો હુકમ ઉઠાવે છે તેજ તેનો ખરો ભક્તિમાન્ પુત્ર છે. આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર અને બીજી રીતે ભક્તિ કરનાર ખરો પુત્ર નથી. લૌકિકમાં પણ તેવા પુત્રપર [illegible] નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે આપણે પરમાત્માના ખરા ભકત ગણાવા માટે તેમની આજ્ઞાને યથાશક્તિ અનુસરવું અને જે આજ્ઞાને અનુસરી ન શકીએ તેને અનુસરવાની ઇચ્છા ધરાવવી; પરંતુ આજ્ઞાનું ઉલ્લંઘન તો કદાપિ પણ ન કરવું. આ પ્રમાણે વર્તવાથી આપણામાં પણ એ પરમાત્માની જેવો સમભાવ પ્રગટ થશે અને આપણે અનુક્રમે પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરશું. આ લઘુ લેખ વાંચીને જે ઉત્તમ જીવો તેવા સમભાવના ઇચ્છક થશે તેમના આત્માનું કલ્યાણ થશે અને આ લેખકનો પ્રયાસ પણ તેટલે અંશે સફળ થશે.

કુંવરજી આણંદજી.

# " सदाचार अने धर्म. "

श्रुतिस्मृत्युदितं सम्यङ्निबद्धं स्वेषु कर्मसु ।
धर्ममूलं निषेवेत सदाचारमतन्द्रितः ॥
आचाराल्लभते ह्यायुराचारादीप्सिताः प्रजाः ।
आचाराद्धनमक्षय्यमाचारो हन्त्यलक्षणम् ॥
दुराचारो हि पुरुषो लोके भवति निन्दितः ।
दुःखभागी च सततं व्याधितोऽल्पायुरेव च ॥
सर्वलक्षणहीनोऽपि यः सदाचारवान्नरः ।
श्रद्दधानोऽनसूयश्च शतं वर्षाणि जीवति ॥
यद्यत्परवशं कर्म तत्तद्यत्नेन वर्जयेत् ।
यद्यदात्मवशं तु स्यात्तत्तत्सेवेत यत्नतः ॥
सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।
एतद्विद्यात्समासेन लक्षणं सुखदुःखयोः ॥
यत्कर्म कुर्वतोस्य स्यात्परितोषोऽन्तरात्मनः ।
तत्प्रयत्नेन कुर्वीत विपरीतं तु वर्जयेत् ॥
अधार्मिको नरो यो हि यस्य चाप्यनृतं धनम् ।
हिंसारतश्च यो नित्यं नेहासौ सुखमेधते ॥
नाधर्मश्चरितो लोके सद्यः फलति गौरिव ।
शनैरावर्तमानस्तु कर्तुर्मूलानि कृन्तति ॥
न सीदन्नपि धर्मेण मनोऽधर्मे निवेशयेत् ।
अधार्मिकाणां पापानामाशु पश्यन्विपर्ययम ॥

For Private And Personal Use Only

सत्यधर्मार्यवृत्तेषु शौचे चैवारमेत् सदा ।
शिष्यांश्च शिष्याद्धर्मेण वाग्बाहूदरसंयतः ॥

**પ્રિય વાંચક !**

પ્રમાદનો ત્યાગ કરી શ્રુતિ અને સ્મૃતિમાં વર્ણવેલા ધર્મના મૂળરૂપ લેખાતા સદાચારનું પોતાના વર્તનમાં અહોનિશ સેવન કરવું.

મનુષ્ય સદાચારથી દીર્ઘ જીવન, મનમાનતી પ્રજા, તથા અક્ષય ધન પ્રાપ્ત કરે છે. એટલુંજ નહિ પણ સદાચારના પાલનથી અપલક્ષણોનો પણ નાશ થાય છે.

જે પુરૂષ દુરાચારી હોય છે તેની લોકમાં નિંદા થાય છે, અહર્નિશ તે દુઃખ ભોગવ્યા કરે છે, રોગી રહે છે, અને અલ્પાયુષવાળો થાય છે.

સર્વ લક્ષણ વિનાનો હોવા છતાં, પણ જે માનવી સદાચારી નીતિમાન્ (Virtuous) શ્રદ્ધાળુ, ઈર્ષારહિત, (Without emulation) હોય છે, તે દીર્ઘાયુષી થાય છે. (તે સો વર્ષ જીવે છે.)

જે જે કાર્યમાં પરવશપણું હોય તેનો હરકોઈ પ્રયત્નથી ત્યાગ કરવો, અને જે આત્મવશ કાર્ય હોય તેનું પ્રયત્નપૂર્વક સેવન કરવું.

કારણકે પરવશતામાં સર્વ દુઃખ છે, આત્મવશ્યતામાં સર્વ સુખ છે. સુખ અને દુઃખનું આ ટુંકમાં લક્ષણ છે એમ સમજવું (જાણવું).

જે કર્મ કરવાથી આપણો અંતરાત્મા પ્રસન્ન થાય તે કર્મ પ્રયત્નપૂર્વક કરવું અને તેથી વિપરીતનો ત્યાગ કરવો.

જે મનુષ્ય અધાર્મિક હોય છે, અસત્યથી જે ધન મેળવે છે, અને જે હમેશા હિંસામાં લાગેલ છે, તે આ જગત્માં કદીપણ સુખ પામતો નથી.

પૃથ્વીમાં રોપેલાં બીજની માફક, કરેલો અધર્મ પણ કંઇ તરતજ ફળ આપતો નથી, પણ ધીમે ધીમે અંકુર (Germination) ની માફક ફેલાઈને અધર્મ કરનારના મૂળોને કાપી નાખે છે.

અધાર્મિક અને પાપી લોકોની તરતજ પડતી થાય છે, એ ધ્યાનમાં લઇ, ધર્માચરણ કરતાં દુઃખ પ્રાપ્ત થાય તોપણ મનને અધર્મમાં કદી જોડવું નહિ.

એટલા માટે સત્ય, ધર્મ, આર્યવૃત્ત અર્થાત્ સદાચાર (Good Conduct) અને શૌચ (Purity or holiness) (આન્તર અને બાહ્ય પવિત્રતા) માં સદા તત્પર રહેવું,[1] અને વાણી હસ્તાદિ અવયવ, અને ઉદર એ ત્રણને નિયમમાં રાખી[1] શિષ્યોને ધર્મનું શિક્ષણ આપવું.

છેવટ સર્વે 'બન્ધુ સદાચારી અને ધર્મી થાઓ' એવી વિનંતિ કરી વિરમું છું.

શ્રી જૈન બોર્ડીંગ હાઉસ
ભાવનગર.

**ગુલાબચંદ મુળચંદ બાવિશી.**
(ચુડા નિવાસી.)

---

૧ વાણી સત્ય બોલવાવડે નિયમમાં રાખવી, હસ્તાદિ અવયવ અકાર્ય ન કરવાવડે નિયમમાં રાખવા અને ઉદરને [illegible] નિયમમાં રાખવું [illegible]

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुखपृष्टपरना महान् वाक्यनो अर्थ अने तेमां रहेलुं रहस्य.

ચાલુ વર્ષથી આ માસિકની અંદરના પ્રથમ પૃષ્ઠ ઉપર આપવામાં આવતાં શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથામાંહિના અમૂલ્ય વાકયનો અર્થ સંસ્કૃત ભાષાથી અજ્ઞાત વાંચકો માટે આ નીચે આપવામાં આવ્યો છે અને ત્યારબાદ તેનું રહસ્ય ટુંકામાં સમજાવવામાં આવ્યું છે.

"હે ભવ્ય પ્રાણીઓ ! આ તમારૂં કેવું અજ્ઞાન ? આ મોહ શો ? આ આત્માનું જ વંચન શું? આ આત્માની સાથે વૈરભાવ શો? કે જેથી તમે વિષયોમાં આસક્તિ રાખો છો, સ્ત્રીઓ પર મોહ પામો છો, ધન ઉપર લોભ રાખો છો, સ્વજનો ઉપર સ્નેહ કરો છો, યુવાવસ્થા ઉપર ( તેને જોઇને ) હર્ષ પામો છો, પોતાના ( શરીરના ) રૂપ ઉપર સંતોષ પામો છો, પ્રિય વસ્તુના સમાગમને પુષ્ટ કરો છો, હિત શિક્ષા ઉપર રોષ કરો છો, ગુણોને દૂષિત કરો છો, અમારી જેવાની સહાય છતાં પણ સન્માર્ગથી ભ્રષ્ટ થાઓ છો, સંસારનાં સુખો પર પ્રીતિ રાખો છો, પરંતુ તમે જ્ઞાનનો અભ્યાસ કરતા નથી, દર્શન ( સમકિત ) ગુણનું પ્રતિપાલન કરતા નથી, ચારિત્રનું અનુષ્ઠાન કરતા નથી, તપ આચરતા નથી, સંયમ ( ઇંદ્રિય દમન ) ને અંગીકાર કરતા નથી, તથા આત્માને સદ્‌ગુણ સમૂહના પાત્રરૂપ કરતા નથી. હે ભવ્યો ! આ પ્રમાણે વર્તવાથી તમારો આ મનુષ્ય ભવ નિરર્થક છે, અમારી જેવાનું સાન્નિધ્ય નિષ્ફળ છે, તમારા જ્ઞાનનું (સમજણનું) અભિમાન નિષ્પ્રયોજન ( નકામું ) છે, ભગવાનના દર્શનની પ્રાપ્તિ અકિંચિત્કર ( કાંઇ પણ કરી ન શકે તેવી ) છે, અને તેથી કરીને કેવળ તમારા સ્વાર્થનો નાશ જ અવશેષ રહે છે; ( નાશજ થાય છે ) અને તે સ્વાર્થભ્રષ્ટતા તમારૂં અજ્ઞાનપણું જ જણાવે છે, પરંતુ ચિરકાળે પણ વિષયાદિકમાં સંતોષ થયો નહીં, તેથી તમારી જેવાને આ રીતે બેસી રહેવું યોગ્ય નથી, માટે તમે વિષયોના પ્રતિબંધને તજી દો, સ્વજનો પરના સ્નેહાદિકનો ત્યાગ કરો, ધન અને ઘર ઉપરના મમતારૂપ વ્યસનને છોડી દો, સંસારનાં મળરૂપી સેવાળનો સર્વથા ત્યાગ કરો, ભગવાન સંબંધી ( ભગવંતે કહી તે ) ભાવદીક્ષાને ગ્રહણ કરો, જ્ઞાનાદિક ગુણસમૂહનો સંચય કરો, તે ગુણસમૂહથી આત્માને પૂર્ણ કરો, અને જ્યાં સુધી અમે તમારી પાસે રહેલા છીએ, ત્યાં સુધીમાં તમે સ્વાર્થને સાધનારા થાઓ—સ્વાર્થ સાધવામાં તત્પર થઇ જાઓ. "

આ મહાવાકયની અંદર ગ્રંથકર્તાએ બહુ યુક્તિથી અસરકારક રીતે આત્માને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોધ આપ્યો છે. વાક્યરચના પણ બહુ સુંદર કરી છે. જેમ પરેપરે સમજાવે તેમ ભવ્ય આત્માને સમજાવ્યો છે. જેમ સદ્ગુરૂ કોઇ અમુક યોગ્ય જીવને ઉદ્દેશીને ખાસ કહે તે રૂપનુંજ આમાં કથન છે. ઉપકારી ગુરૂમહારાજ યોગ્ય શિષ્યના એકાંત હિતની ખાતર તેનું સંસારીપણું છોડાવવા માટે ઉપદેશ આપે છે કે–" ભો ભદ્ર! આ તરૂં કેવું અજ્ઞાન? આ શો મોહ? આ પોતાના આત્માને ઠગવાપણું શું? આ આત્માનાજ વૈરી જેવી પ્રવૃત્તિ શી?" આ પ્રમાણેનાં વચનો સાંભળી શિષ્ય પૂછે છે કે–' મહારાજ! આમ આપ શા કારણથી કહો છો?' ગુરૂ કહે છે કે સાંભળ–" એમ હોવાથીજ તારી આવી અયોગ્ય કૃતિ સંભવે છે. જો! તું ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત થાય છે, સ્ત્રીમાં મોહ પામે છે, ધનમાં લોભાય છે, સ્વજનોમાં સ્નેહ કરે છે, પોતાનું યૌવન જોઇને ખુશી થાય છે, પોતાનું રૂપ જોઇને તુષ્ટમાન થાય છે, પ્રિય વસ્તુના સંયોગની પુષ્ટિ કરે છે અને કોઇ હિતોપદેશ આપે તો તેના પર અથવા હિતશિક્ષા પર રોષ કરે છે, ગુણોનો અથવા ગુણીનો દ્વેષ કરે છે અને અમારી જેવા તારી પાસે છતાં પણ સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે, સાંસારિક સુખમાં લોભાય છે, તો આ બધી આત્મવંચના નહીં તો બીજું શું છે? વળી તું અમારી આપેલી હિતશિક્ષામાંથી કાંઇ પણ કરતો નથી. સાંભળ! તને વારંવાર કહ્યા છતાં તું જ્ઞાનનો અભ્યાસ કરતો નથી, સમકિત ગુણને આચરતો નથી, ચારિત્રને લગતા સામાયિક પોસહ પ્રતિક્રમણાદિ અનુષ્ઠાન કરતો નથી, તપ તપતો નથી, ઇંદ્રિયોને દમતો નથી, અને તારા આત્માને સદ્ગુણોવડે અલંકૃત કરતો નથી. આમ જો કર્યા કરીશ તો તારૂં આત્મહિત નહીં થાય." 'ત્યારે શું થશે?' એવી શિષ્યની શંકાના ઉત્તરમાં ગુરૂમહારાજ કહે છે કે–" તારો આ અમૂલ્ય મનુષ્ય ભવ નિરર્થક જશે, અમારી જેવાની પાસે રહેવું પણ નકામું થશે, કેમકે તેનું ફળ થવું જોઇએ તે થશે નહીં, તારા મનમાં 'હું સમજું છું' એવું અભિમાન છે, પણ જે સમજણને અંગે શુદ્ધ આચરણા ન થાય તે સમજણ બધી નકામી છે–ફોગટ છે. વળી તને પરમાત્માના દર્શન થયા તે પણ ફળ વિનાના થશે. આમ થવાથી તો માત્ર તારૂં સ્વાર્થભ્રષ્ટ થવાપણુંજ બાકી રહેશે; અર્થાત્ તે પણ થશે અને તેથી તારૂં અજ્ઞત્વ–તારી મૂર્ખાઇ જાહેરમાં આવશે. કેમકે દીર્ઘ કાળથી ભોગવ્યા છતાં તને હજુ વિષયાદિકમાં સંતોષ થતો નથી; તો પછી કયારે તેની તૃપ્તિ થવાની છે? તેની તૃપ્તિ તો તેને તજશે ત્યારેજ થશે; ભોગવ્યા કરવાથી તૃપ્તિ થવાની નથી. માટે તારી જેવાને હવે આમ બેસી રહેવું યુક્ત નથી." આ પ્રમાણે સાંભળી શિષ્ય પૂછે છે કે–' હે મહારાજ! આપ સત્ય કહો છો, મારી ઘણી ભૂલ છે, તો હવે ફરમાવો હું શું કરૂં?' ત્યારે ગુરૂમહારાજ કહે છે કે–"જો તારે આત્મહિત કરવુંજ છે તો સાંભળ. હવે અમે કહીએ તેમ કર. પ્રથમ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વિષયોનો પ્રતિબંધ તજી દે, સ્વજનો-સ્ત્રી-પુત્ર-પરિવારાદિના સ્નેહને પરિહર. ધન, ઘર, હાટ, હવેલી વિગેરે દ્રવ્યાદિકમાં મારાપણું ધારણ કરવાનું અનાદિ કાળથી વ્યસન પડયું છે તેને તજી દે અને છેવટે આ સર્વ સાંસારિક મોહજાળ જે એકાંત મળરૂપ છે તે સર્વને તજી દઇ ભાવચારિત્રને ગ્રહણ કર, જ્ઞાનાદિ ગુણોનો સંચય કરવા માંડ અને તેનાવડે તારા આત્માને પૂરી દે. એ પ્રમાણે તારો ખરો સ્વાર્થ અમે જ્યાંસુધી તારી પાસે છીએ ત્યાંસુધીમાં સાધી લે. અમારી હાજરીમાં જે થશે તે થશે પછી થવાનું નથી. પછી તને કોણ કહેશે ? સૌ ડાહ્યો ડાહ્યો કહેશે ને સંસારમાં વધારે ખુંચાડશે. સ્વાર્થસાધકો તારી આજુબાજુ એકઠા થશે ને તને આત્મધર્મ ચૂકાવી દઈ, વ્યવહાર મુખ્ય ઠરાવી, તારી પાસે અનેક સાંસારિક કાર્યો કરાવશે. તારી વાહવાહ બોલશે, એટલે તું ફુલાઇ જઈશ અને તેઓનેજ તારા હિતેચ્છુ ગણીશ. પરંતુ વાસ્તવિક રીતે એ બધાજ તારા શત્રુઓ છે, તે અમારા વિના તને કોણ સમજાવશે. કટુ ઔષધ માતા સિવાય બીજું કોઇ પાતું નથી તેમ ખરા ગુરૂ સિવાય ખરૂં હિત જે આરંભમાં કટુ પણ પરિણામે મિષ્ટ છે તે બીજું કોઈ કહેતું નથી અમારા હૃદયમાં તારી કિંચિત્ યોગ્યતા ભાસી છે, તું ધારશે અને પ્રયત્ન કરશે તો આત્મહિત કરી શકશે એમ અમને જણાય છે તેથીજ તને ઉદ્દેશીને આટલું કહેવાનો પ્રયાસ કર્યો છે. જો તારે નીકટસંસારી કરવું હોય-પોતાના આત્માનું હિત કરવું હોય, તેને ઠગવો ન હોય, તેના હિતસ્વી કહેવાઇને તેના વૈરીની ગરજ સારવી ન હોય, તો તારૂં ખોટું ડહાપણ તજી દઈ અમે કહીએ છીએ તે માર્ગે ગમન કર. તારૂં યૌવન, રૂપ, લાવણ્યાદિકનું અભિમાન કેટલો વખત ટકવાનું છે ? તેની સ્થિરતા કયાં છે ? યૌવન કોનું કાયમ રહ્યું છે ? રૂપ વ્યાધિઓની પાસે કેટલો વખત ટકી શકે તેમ છે ? કાચી માટીના પિંડ ઉપર તને શો વ્યર્થ મોહ થયો છે ? તે સર્વ તજી દેવા યોગ્ય છે. કદિ મોહના આવેશને લઇને તું તેને નહીં તજે તો પ્રાંતે તે તો તને તજી દેવાનાજ છે. તારો ને એનો સંયોગ કાયમ રહેવાનો નથી-કોઇનો રહ્યો નથી તું તારી નજરે જગતનું વિનાશીપણું જુએ છે છતાં તેમાં અખંડપણાની બુદ્ધિથી તેને વળગી રહે છે, એમાં તારી ભુલ થાય છે. માટે જો આત્મહિત કરવાની ખરી ચીવટ થઇ હોય તો એ સર્વ સાંસારિક ઉપાધિ તજી દઈ પરમાત્માએ કહેલા અને અમે તને બતાવેલા માર્ગે ચાલ, ગૃહસ્થાવાસ છોડી દઇ ચારિત્ર ગ્રહણ કર અને જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ આત્માના અવિનાશી ગુણ મેળવવા તત્પર થા. ” આ પ્રમાણેનો ભવ્ય જીવ પ્રત્યે સદ્ગુરૂનો પરમ ઉપદેશ છે તે આ મહાવાક્યની અંદર પ્રદર્શિત કરેલો છે.

ઇત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुस्तक प्रसिद्धिनो वास्तविक उपयोग.

હાલમાં શ્રી જૈનધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદસભા, ઝવેરી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ, શેઠજી મનસુખભાઇ ભગુભાઇ વિગેરે તરફથી અનેક ઉત્તમ ઉત્તમ ગ્રંથો મૂળ અને ટીકા સહિત શુદ્ધ રીતે છપાઈને બહાર પડવા લાગ્યા છે. તેની અંદર મુનિ મહારાજની શુદ્ધતાને અંગે ખાસ મદદ હોવાથી બહોળે ભાગે બહાર પડતા ગ્રંથો સારી રીતે શુદ્ધ થયેલા દૃષ્ટિગત થાય છે. આ કારણથી તેનો લાભ લેવાનું કામ પણ વૃદ્ધિગત થયું છે; કારણકે શુદ્ધ પ્રતિ મળવાની મુશ્કેલીએ તેમજ અભાવે ઘણા ગ્રંથો તો વાંચવામાંજ આવતા નહોતા, કેટલાક અભ્યાસ કરવા લાયક ગ્રંથોનો અભ્યાસ કરી શકાતો નહોતો, તે હવે વધવા લાગ્યો છે. સાધન સંતોષકારક મળવાથી કાર્ય સિદ્ધિ થવામાં સહેલાઈ થઇ છે. વળી ઉપર જણાવેલ સંસ્થાઓ વિગેરે ઘણે ભાગે તેના તરફથી બહાર પડતા ગ્રંથો મુનિમહારાજને ભેટ તરીકે આપે છે. તે કારણથી પણ સગવડ વધેલી છે. પરંતુ તેની અંદર એક એવી વ્યવસ્થા થવાની જરૂર છે કે–દરેક મુનિસમુદાયના અગ્રણી મહાત્માએ પોતાના તમામ સાધુ સાધ્વીને એવા ખાતા તરફ પત્રો લખી લખાવીને સ્વેચ્છાએ તેવા ગ્રંથો મંગાવવાનું બંધ કરી દેવું જોઇએ અને પોતપોતાના સમુદાયમાં, જે ગ્રંથ બહાર પડે તેના જેટલા અભ્યાસી હોય–અભ્યાસ કરી શકે તેમ હોય તેટલી નકલો મંગાવવી અને પોતે યોગ્ય મુનિને આપવી. આમ થવાથી, મુનિઓમાં સ્વતંત્રતા વધતી જાય છે, ગુરૂનું આધીનપણું ઘટતું જાય છે તેમાં અટકાવ થશે અને ગ્રંથની યોગ્યતાવાળા મુનિ કે સાધ્વીને તેનો લાભ મળ્યા વિના નહીં રહે. અત્યારે બહોળે હાથે ગ્રંથો ભેટ અપાય છે છતાં કેટલાક તેના ખપી સાધુ સાધ્વી રહી પણ જાય છે, તેમ ન બને એવી કોઇપણ પ્રકારની વ્યવસ્થા થવાની જરૂર છે. ગુરૂ મહારાજ તરફના પ્રતિબંધ સિવાય સંસ્થાઓ તરફનો અટકાવ ઉલટો તે તે સંસ્થાઓ વિગેરે ઉપર મુનિરાજનો અભાવ ઉત્પન્ન કરનાર થઇ પડે છે. વળી દરેક મુનિઓ પોતપોતાની માલેકીનું પુસ્તક જુદું કરવા લાગ્યા છે. તેથી પણ આ બાબતમાં સવેળા પોતપોતાના સમુદાયને માટે અગ્રણી ગુરૂમહારાજે લક્ષ આપવાની જરૂર છે.

આ પ્રસંગે છપાવનારને માટે પણ બે શબ્દ કહેવાની જરૂર લાગે છે.–એક તો એ કે ઉત્તમ ગ્રંથ છપાવીને તેનું સુપાત્રે દાન આપવાથી પરમ લાભ પ્રાપ્ત થાય છે તેમજ શુદ્ધ ગ્રંથનો ઉદ્ધાર થવાથી જ્ઞાનની પણ ભક્તિ થાય છે તે ખરેખરી વાત છે. પરંતુ જો તેની આશાતના તરફ દૃષ્ટિ રાખવામાં ન આવે–આંખ આડા કાન કરવામાં આવે તો તેથી ઉધાર બાજુ પણ વખતે બની જવાનો ભય રહે છે. [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરેનો પ્રેસવાળા તરફથી ગેરઉપયોગ ન થાય-અશુચિ સ્થાનમાં ન જાય-રસ્તામાં ન રખડે અને બીજી અઘટિત વ્યવસ્થા ન થાય તેને માટે સાવચેતી રાખવાની ખાસ જરૂર છે. બીજી બાબત શુદ્ધતા તરફ દૃષ્ટિ રાખવાની છે. જો તેમાં ગફલત થશે તો પછી છપાયેલ ગ્રંથોની પાંચસો, પાંચસો કે તેથી ઓછી વધતી નકલો કોઇ સુધારવાનું નથી અને અશુદ્ધ ગ્રંથ ફેલાવાથી ઉલટો ગેરલાભ થવાનો પણ સંભવ છે. આ હકીકત ખાસ કરીને જામનગરવાળા પંડિત હીરાલાલ હંસરાજ તરફથી છપાઇને બહાર પડતા ગ્રંથોને અંગે લખવાની જરૂર પડી છે. તેના છપાવેલા લોકપ્રકાશના પહેલા વિભાગમાં અર્થની અંદર કેટલાક અર્થ તદન ખોટા લખ્યા છે, પ્રવચનસારોદ્ધાર ગ્રંથની અંદર તેમજ પંચસંગ્રહની અંદર પંક્તિઓની પંક્તિઓ મુકી દીધી છે અને બીજી પણ પારાવાર અશુદ્ધિઓ દૃષ્ટિએ પડે છે. હું આશા રાખું છું કે કોઇ વિદ્વાન તેનું અવલોકન કરીને તે બહાર પાડશે. આ દૃષ્ટાંત એટલા માટે આપવાની જરૂર પડી છે કે હદ ઉપરાંત કિંમત લેવી છતાં વસ્તુ, સારી ને શુદ્ધ ન આપવી તે તો સ્પષ્ટ અન્યાય જણાય છે. એવી ગફલત તે પ્રકારનું કામ કરનારી સંસ્થાઓ જેઓ હાલ સંતોષકારક કામ કરે છે તે હવે પછી પણ ન કરે. આ હકીકત દોષોદ્ઘાટન બુદ્ધિથી નહીં પણ હિત બુદ્ધિથી લખવામાં આવેલ છે. તેનાપર ધ્યાન આપવું ન આપવું તે પોતપોતાની મરજી ઉપર છે. હાલ તો આટલું લખીને વિરમું છું. જીજ્ઞાસુ.

# हालमां चालती लडाइ अने तेने अंगे उपजता विचारो.

હાલમાં યુરોપની અંદર મહા ભયંકર લડાઇ ચાલી રહી છે. જેને અંગે અત્યાર સુધીમાં લાખો મનુષ્યોનો સંહાર થઈ ચુકયો છે અને હજુ કેટલો સંહાર થશે તે કલ્પનામાં આવી શકતું નથી. બંને બાજુનું લાખોની સંખ્યામાં લશ્કર મળેલું છે. તોપના ગોળા અને અસહ્ય ગોળીઓના પ્રહારવડે સંખ્યાબંધ મનુષ્યોના પ્રાણ લેવામાં આવે છે. આવી મોટી સંખ્યામાં સેંકડો વર્ષો થયા લડાઇ થયાનું ઇતિહાસ કહેતું નથી. આમાં એક બાજુ રાજ્યલોભ અનિવાર્ય ઉત્પન્ન થયો છે. બીજી બાજુ માત્ર બચાવ કરવા માટેજ ઉતરવું પડયું છે. એક બાજુની આગેવાની માત્ર જર્મનીનીજ છે, જો કે પ્રારંભ આસ્ટ્રીયાના રાજ્યથી થયેલો છે. સામી બાજુ તેનાથી બચવા માટે કરેલા પ્રયાસમાં પ્રથમ નાનું સરખું બેલજીયમનું રાજ્ય તો પહેલે સપાટેજ કચડાઇ ગયું છે. હવે ફ્રાન્સ ને ઇંગ્લાંડના સૈન્ય જર્મનીની સામે ગયા છે. બીજી બાજુ રૂશિઆ પણ જર્મન ને આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓચાને દબાવતો આવે છે. લડાઇ એવા પ્રકારની ચાલે છે કે જે દયાળુ અંતઃકરણથી જોઇ અથવા સાંભળી પણ શકાય નહીં. હિંદુસ્થાનમાંથી પણ તે લડાઇમાં ભાગ લેવા મોટી સંખ્યામાં લશ્કર ગયેલું છે. આ લડાઇને પરિણામે જર્મન શહેનશાહ કાંઇ પણ લાભ મેળવે તેવો સંભવ અંશે પણ નથી. આ હકીકત તેના સમજવામાં પણ હવે તો આવેલ હશે; પરંતુ પ્રથમ લોભ અને હવે માન મારી નાખે છે. પોતાનું માન જાળવવા માટે લાખો કિંમતી પ્રાણો લેવાય છે. પાપ શું વસ્તુ છે તે તો જડવાદીઓના લક્ષમાં પણ કયાંથી આવે? પરભવ માનવામાં ન આવે ત્યાં અનીતિનો કે અસંખ્ય મનુષ્યોની હિંસાનો બદલો આપવો પડશે-ભોગવવો પડશે તે વાત ખ્યાલમાં પણ કયાંથી આવે? એ તો જ્યારે જીવ, કર્મ, પુણ્ય, પાપ અને પુનર્ભવ વિગેરે માનવામાં આવે ત્યારેજ ખ્યાલમાં આવે તેમ છે. આવા અસંખ્ય મનુષ્યોના પ્રાણ લેવાથી, લેવરાવવાથી, લેનારની પ્રશંસા કરવાથી એવો ઉત્કટ કર્મબંધ થાય છે કે તેના ફળની વ્યાખ્યા કરી ન શકાય. આપણને પણ આ લડાઇ એક પ્રકારના કર્મબંધનું નિમિત્ત થઈ પડી છે. કારણકે પ્રથમ તો મહા વિકથા શરૂ થઇ છે. લડાઇના સમાચાર વાંચવા કે જાણવાને પ્રાયે દરેક માણસ ઉત્સુકતા ધરાવે છે. તે જાણ્યા પછી બીજાને કહેવાની ઇચ્છા થયા વિના રહેતી નથી, અને તે કહેતાં કહેતાં અમુકની જીતથી અને અમુકની હારથી આનંદ અથવા શોક થયા વિના રહેતો નથી, અને જણાવ્યા વિના પણ રહેવાતું નથી. એવી લાગણી ઉદ્ભવે એ પણ સ્વાભાવિક છે, કારણ કે આ લડાઇમાં આપણી માયાળુ સરકાર ભળેલી હોવાથી આપણો પણ તેમાં કેટલોક સ્વાર્થ સમાયેલો છે. પરંતુ જેમાં આપણા વિચાર કશા કામના નથી, જ્યાં આપણા વિચારની કશી ગણના નથી, ત્યાં સુજ્ઞ અને અનર્થદંડથી ભય પામતા જૈનો કદિ પણ તેની અનુમોદના થાય તેવા અથવા કોઈ પણ પ્રકારનો કર્મબંધ થાય તેવા વિચારો પ્રગટ કરતા નથી. જીભને વશ રાખે છે એટલુંજ નહીં પણ મનને પણ વશ રાખે છે. અત્યારે તો આપણને એકાંત દયા ઉપજાવે તેવો વિષય છે. બંને બાજુ મહાન્ કર્મબંધ કરી દુર્ગતિના ભાજન થાય તેમ જણાય છે, તે કોઇપણ રીતે ન થાય, લડાઈ વહેલી શમી જાય, પરસ્પર સમાધાની થાય, પાછી પ્રથમ હતી તેવી શાંતિ સર્વત્ર પ્રસરે, પાપના કારણો ઘટે. વિકથાના નિમિત્તો ઓછા થાય તેજ વિચારવા યોગ્ય છે. અનંતાનુબંધી જેવો તીવ્ર લોભ અથવા તીવ્ર માન શું કરે છે તે અત્યારે જોઈ શકાય છે. જે પૃથ્વી સાથે આવવાની નથી, કોઈની સાથે ગઇ નથી અને કાયમ એક સ્વામી ધરાવે તેવું સતિત્વ જેનામાં સંભવિતજ નથી તેવી પૃથ્વીને માટે આવો સંહાર કરવો તે કેવળ અજ્ઞાનનોજ વિલાસ છે. હાલ તો જેમ બને તેમ સત્વર વિગ્રહ શાંત થાય એમ ઇચ્છી આ લઘુ લેખ બંધ કરવામાં આવે છે.

For Private And Personal Use Only